" રવિવારની સાપ્તાહિક પૂર્તિ "
રસધાર

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 199 | AD - 2026, Vaishakh Sud - 10 | Sunday, Dt. 26-04-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### આમ આદમી પાર્ટી કાયદાનો શસ્ત્ર તરીકે ઉપયોગ કરીને પોતાના ભૂતપૂર્વ સાંસદોની સદસ્યતા રદ કરાવવા મેદાને

## 'આપ'ના સાંસદો સામે પાર્ટી કાયદાકીય કાર્યવાહી કરે તેવી સંભાવના

નવીદિલ્હી,તા.૨૫

ભારતીય રાજકારણમાં પક્ષપલટાની ઘટનાઓ નવી નથી, પરંતુ તાજેતરમાં આમ આદમી પાર્ટીના ત્રણ દિગ્ગજ નેતાઓ - રાઘવ ચઢ્ઢા, સંદીપ પાઠક અને અશોક મિત્તલ - ભાજપમાં જોડાતા દિલ્હીથી પંજાબ સુધી રાજકીય ગરમાવો વ્યાપી ગયો છે. વર્ષો સુધી જે નેતાઓએ પાર્ટીના પાયા મજબૂત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી, તે જ નેતાઓના પક્ષપલટાથી આમ આદમી પાર્ટીને મોટો આંચકો લાગ્યો છે. જોકે, આ આંચકાને પચાવીને પાર્ટી હવે કાયદાકીય કાર્યવાહીના મૂડમાં છે. સંજય સિંહે આ નેતાઓ સામે કડક વલણ અપનાવતા જાહેરાત કરી છે કે તેઓ રાજ્યસભાના સભાપતિને પત્ર લખીને આ ત્રણેય સભ્યોને ગેરલાયક ઠેરવવાની પ્રક્રિયા શરૂ કરશે. સંજય સિંહના મતે, આ નેતાઓએ સ્વેચ્છાએ પોતાની મૂળ પાર્ટીનું સભ્યપદ છોડ્યું હોવાથી તેઓ બંધારણીય રીતે પદ પર રહેવા માટે હકદાર નથી.ભારતીય લોકશાહીમાં સ્થિરતા જાળવવા માટે ૧૯૮૫માં ૫૨માં બંધારણીય સુધારા દ્વારા ૧૦મી અનુસૂચિનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ કાયદો મુખ્યત્વે 'આયા રામ, ગયા રામ'ની રાજનીતિ પર લગામ કસવા માટે બનાવવામાં આવ્યો હતો. આ કાયદાની જોગવાઈ મુજબ, જો કોઈ ચૂંટાયેલો સભ્ય તેની પાર્ટીના આદેશનું ઉલ્લંઘન કરે અથવા સ્વેચ્છાએ પક્ષ છોડી દે, તો તેને ગૃહના સભ્યપદેથી હટાવી શકાય



છે. આમ આદમી પાર્ટી આ જ કાયદાનો શસ્ત્ર તરીકે ઉપયોગ કરીને પોતાના ભૂતપૂર્વ સાંસદોની સદસ્યતા રદ કરાવવા માંગે છે. જોકે, આ કાયદામાં રહેલી છટકબારીઓ અને અપવાદો પણ આ કેસમાં મહત્વના સાબિત થઈ શકે તેમ છે, કારણ કે કાયદો જૂથ વિલીનીકરણને રક્ષણ પણ આપે છે.કાયદાકીય દ્રષ્ટિએ જોઈએ તો, ૧૦મી અનુસૂચિમાં 'વિલીનીકરણ'નો એક ખાસ અપવાદ છે. જો કોઈ પક્ષના બે-તૃતીયાંશ સભ્યો અલગ થઈને બીજા પક્ષમાં ભળી જાય, તો તેમના પર ગેરલાયકાતનો નિયમ લાગુ પડતો નથી. રાજ્યસભામાં આમ આદમી પાર્ટીના કુલ ૧૦ સાંસદો હતા, જેમાંથી સાત સાંસદો જો અલગ થાય તો જ તેમને કાનૂની રક્ષણ મળી શકે. કાયદાના નિષ્ણાંતો માને છે કે માત્ર ત્રણ સાંસદોનું ભાજપમાં જોડાવું એ ટેકનિકલી જોખમી હોઈ શકે છે. જોકે, અહીં એક પેચ એ પણ છે કે વિલીનીકરણ માત્ર વિધાયક પક્ષનું જ નહીં પણ મૂળ રાજકીય પક્ષનું પણ હોવું જોઈએ. આ જ મુદ્દે સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ અને અધ્યક્ષની સત્તા વચ્ચેની ખેંચતાણ આગામી દિવસોમાં કોર્ટના દરવાજા પણ ખટખટાવી શકે છે.

રાઘવ ચઢ્ઢાએ ભાજપમાં જોડાતી વખતે ગંભીર આક્ષેપો કર્યા હતા કે આમ આદમી પાર્ટી હવે તેની મૂળ વિચારધારા અને મૂલ્યોથી ભટકી ગઈ છે. તેમણે પોતાની યુવાનીના ૧૫ વર્ષ પાર્ટીને આપ્યા હોવાનું જણાવીને દુઃખ વ્યક્ત કર્યું કે હવે પાર્ટી માત્ર વ્યક્તિગત લાભ માટે કામ કરી રહી છે. આ તરફ, 'આપ'ના નેતાઓનો આરોપ છે કે આ પક્ષપલટો સત્તાના લોભ અને આયોજિત રાજકીય દાવપેચનો ભાગ છે. હાલમાં જ્યારે રાજ્યસભાના સભાપતિ આ મામલે અંતિમ નિર્ણય લેવાની સત્તા ધરાવે છે, ત્યારે રાજકીય ગણિત અને કાયદાકીય જોગવાઈઓ વચ્ચે આ જંગ લાંબો ચાલે તેવા પૂરેપૂરા સંકેતો છે.

## મણિપુરમાં નાગા અને કુકી સમુદાય વચ્ચે ગોળીબાર, ત્રણ યુવાનના મોત

ઈમ્ફાલ,તા.૨૫

મણિપુર રાજ્યમાં છેલ્લા લાંબા સમયથી ચાલી રહેલી અશાંતિ હવે વધુ જટિલ અને ભયાનક સ્વરૂપ ધારણ કરી રહી છે. અત્યાર સુધી મૈતેઈ અને કુકી સમુદાયો વચ્ચેના વંશીય સંઘર્ષથી સમગ્ર રાજ્ય સળગી રહ્યું હતું, પરંતુ હવે ઉખરુલ જિલ્લામાં નાગા અને કુકી સમુદાયો વચ્ચે થયેલી હિંસાએ સુરક્ષા એજન્સીઓ અને વહીવટીતંત્રની ચિંતામાં ધરખમ વધારો કર્યો છે. શુક્રવારે વહેલી સવારે બનેલી બે અલગ-અલગ ગોળીબારની ઘટનાઓએ સાબિત કરી દીધું છે કે રાજ્યમાં શાંતિ સ્થાપવાના તમામ



પ્રયાસો હજુ પણ નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે. સીનાકેઈથેઈ અને મુલ્લમ ગામોમાં થયેલા આ હિંસક હુમલાઓમાં ત્રણ આશાસ્પદ યુવકોના જીવ ગયા છે, જે વંશીય નફરતના વરવા દ્રશ્યો રજૂ કરે છે. આ સંઘર્ષ માત્ર ગોળીબાર પૂરતો મર્યાદિત રહ્યો નથી પરંતુ ગામડાઓમાં આગચંપી અને લૂંટફાટ સુધી વકર્યો છે. તાંગખુલ નાગા અને કુકી સમુદાયો એકબીજા પર હુમલાના આક્ષેપો કરી રહ્યા છે, જે ફેબ્રુઆરી ૨૦૨૬થી ચાલી રહેલા અવિશ્વાસનું પરિણામ છે. જ્યારે એક તરફ નાગા સંગઠનો કુકી ઉગ્રવાદીઓ પર ઓચિંતો હુમલો કરવાનો આરોપ લગાવે છે, ત્યારે બીજી તરફ કુકી ગ્રામજનો પોતાના રહેણાંક વિસ્તારો પર થયેલા આક્રમણને માનવાધિકારનું ઉલ્લંઘન ગણાવે છે. વધારાના સુરક્ષા દળોની તૈનાતી છતાં, પહાડી વિસ્તારોમાં ભૌગોલિક પરિસ્થિતિ અને અત્યાધુનિક હથિયારોની હાજરીને કારણે હિંસાને ડામવી મુશ્કેલ બની રહી છે. જો સરકાર દ્વારા બંને પક્ષો વચ્ચે ત્વરિત સંવાદ સ્થાપવામાં નહીં આવે, તો આ આંતર-સમુદાયિક ખાઈ મણિપુરના ભવિષ્ય માટે અત્યંત ઘાતક સાબિત થઈ શકે છે.

## ભારત આગામી સમયમાં ચોક્કસ વિશ્વગુરૂ બનશે : મોહન ભાગવત

નાગપુર,તા.૨૫

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવતે નાગપુરમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન ભારતના ભવિષ્ય અંગે અત્યંત પ્રેરણાદાયી અને દ્રઢ વિચારો વ્યક્ત કર્યા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ભારત આવનારા સમયમાં ચોક્કસપણે વિશ્વગુરુ બનશે અને આ બાબતે હવે કોઈને લેશમાત્ર પણ શંકા હોવી જોઈએ નહીં. મોહન ભાગવતે રામ મંદિરના નિર્માણને એક જીવંત ઉદાહરણ તરીકે રજૂ કરતા કહ્યું કે, એક સમય એવો હતો જ્યારે અનેક લોકો



અયોધ્યામાં ભવ્ય શ્રીરામ મંદિરના નિર્માણને અશક્ય માનતા હતા અને તેના વિષે શંકાઓ સેવતા હતા. પરંતુ આજે તે ભવ્ય મંદિર આપણી નજર સમક્ષ સાક્ષાત ઊભું છે, જે સાબિત કરે છે કે દ્રઢ સંકલ્પ અને પ્રયત્નોથી અશક્ય પણ શક્ય બને છે. તે જ રીતે ભારતનું પુનરુત્થાન અને તેનું વિશ્વગુરુ પદ પર આસીન થવું એ હવે માત્ર સમયની વાત છે અને આ વિજયી યાત્રાને કોઈ રોકી શકશે નહીં. નાગપુરના નેશનલ કેન્સર ઈન્સ્ટિટ્યૂટ પરિસરમાં આયોજિત ભૂમિપૂજનના આ પ્રસંગે અનેક નામાંકિત રાજકીય અને ધાર્મિક નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે તેમણે નાગરિકોને આહવાન કર્યું કે તેઓ દેશના ભવિષ્ય અંગે મનમાં કોઈ દ્વિધા ન રાખે અને હિંમત તેમજ આત્મનિર્ભરતાના ગુણો કેળવીને જીવન જીવે. ભારતના આ સ્વપ્નને સાકાર કરવા માટે તેમણે સામૂહિક અનુશાસન અને નિરંતર પ્રયાસો પર ભાર મૂક્યો હતો. જો દરેક વ્યક્તિ પોતાના સંકલ્પને અનુસરીને નૈતિક મૂલ્યો સાથે આગળ વધે, તો ભારત વિશ્વનું માર્ગદર્શન કરવા માટે સંપૂર્ણ સક્ષમ અને મજબૂત બનશે.

## યુપીના મઉ જિલ્લામાં ગમખ્વાર અકસ્માતમાં પાંચના મોત

### અકસ્માતમાં માતા-પિતા અને પુત્ર પણ મોતને ભેંટ્યા

મઉ,તા.૨૫

ઉત્તર પ્રદેશના મઉ જિલ્લામાં શુક્રવારે મોડી રાત્રે એક કાળજું કંપાવનારી ઘટના બની હતી. દોહરીઘાટ પોલીસ સ્ટેશન વિસ્તારના બરસાતપુર અહિરાણી ગામ પાસે હાઈવે પર પૂરપાટ ઝડપે જતી સ્કોર્પિયો ગાડી અને સામેથી આવતા ટ્રેલર વચ્ચે ભયાનક ટક્કર થઈ હતી.



આ અકસ્માત એટલો ભીષણ હતો કે સ્કોર્પિયો ગાડીના ફુરચા ઉડી ગયા હતા અને તેમાં સવાર તમામ પાંચ લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. આ હૃદયદ્રાવક ઘટનામાં એક જ પરિવારના માતા-પિતા અને પુત્રનો સમાવેશ થતા સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. ઘટનાની જાણ થતા જ સ્થાનિક લોકો અને પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ભારે જહેમત બાદ ગાડીના પતરા ચીરીને મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં અકસ્માતનું કારણ વધુ પડતી ઝડપ અને બેદરકારી હોવાનું મનાઈ રહ્યું છે. પોલીસે હાલ તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડીને વધુ તપાસ હાથ ધરી છે.

## યુપીનું પ્રયાગરાજ દેશનું સૌથી ગરમ શહેર, ઓડિશામાં શાળાઓ બંધ રાખવાનો નિર્ણય

નવી દિલ્હી,તા.૨૫

ભારતના વિવિધ રાજ્યોમાં હાલમાં ગરમીનો પ્રકોપ ચરમસીમાએ પહોંચ્યો છે જે ગંભીર ચિંતાનો વિષય છે. ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં તાપમાન ૪૫.૨°ઝ સુધી પહોંચતા તે દેશનું સૌથી ગરમ શહેર બન્યું છે જ્યારે મહારાષ્ટ્રના અકોલા અને અમરાવતીમાં પણ પારો ૪૫°C ની આસપાસ નોંધાયો છે. ગરમીની આ ભયાનક સ્થિતિને જોતા ઉત્તર પ્રદેશના અનેક જિલ્લાઓમાં બપોરના સમયે



મજૂરો માટે કામ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે કારણ કે હીટ સ્ટ્રોકના કારણે મૃત્યુના કિસ્સાઓ પણ સામે આવી રહ્યા છે. હવામાન વિભાગે અનેક જિલ્લાઓમાં રેડ એલર્ટ જાહેર કરીને લોકોને સાવચેત રહેવાની સલાહ આપી છે. બીજી તરફ ઓડિશામાં પણ કાળઝાળ ગરમીને કારણે શાળાઓ બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે.









**આગેવાનો મતદાન કરી લોકશાહીનું પર્વ ઉજવશે**

# જિલ્લાના દિગ્ગજ નેતાઓ પોતાના વતનમાં મતદાન કરશે

અમરેલી,તા.૨૫






સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ અમરેલી જિલ્લામાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ લોકશાહીના પર્વમાં ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી સવારે ૧૦:૦૦ કલાકે પોતાના વતન માળીલા ખાતે મતદાન કરશે. તેમની સાથે જ રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા પોતાના માતૃવતન દેવરાજીયા ખાતે મતાધિકારનો ઉપયોગ કરી મતદારોને પ્રેરણા આપશે. આ ઉપરાંત અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા ઝરખીયા ગામે પોતાનો કિંમતી મત આપશે જ્યારે પૂર્વ વિપક્ષ નેતા પરેશભાઈ ધાનાણી અમરેલી શહેર ખાતે મતદાન મથકે પહોંચીને પ્રક્રિયામાં જોડાશે. આમ જિલ્લાના તમામ અગ્રણી નેતાઓ પોતપોતાના મતદાન કેન્દ્રો પર ઉપસ્થિત રહીને લોકશાહીના પર્વની ઉજવણી કરશે.

# શિયાળબેટ ખાતે ઈવીએમ મશીનો લઈ અધિકારીઓ હોડીમાં રવાના

અમરેલી,તા.૨૫



અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી છે. ખાસ કરીને જાફરાબાદના દરિયાઈ ટાપુ પર આવેલા શિયાળબેટના મતદારો પોતાનો મતાધિકાર ઉપયોગ કરી શકે તે માટે સુંદર વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. ચૂંટણી ફરજ પરના પ્રિસાઈન્ડિંગ ઓફિસરો પોલીસ બંદોબસ્ત સાથે ઈવીએમ મશીનો લઈને પીપાવાવ પોર્ટથી હોડી મારફતે શિયાળબેટ જવા રવાના થયા હતા. ટાપુ પર વસતા નાગરિકો માટે નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ રીતે મતદાન પ્રક્રિયા સંપન્ન થાય તે હેતુથી તંત્ર સંપૂર્ણપણે તૈયાર છે.

# બગસરા જેસીઝ ગૃપ દ્વારા જરૂરીયાતમંદ દર્દીઓ માટે નેત્રનિદાન કેમ્પ યોજાયો

બગસરા,તા.૨૫



બગસરા શહેરમાં જેસીસ ગ્રુપ દ્વારા માનવ સેવાના હેતુથી ૬૪૧મો ભવ્ય નેત્રરોગ નિદાન કેમ્પ સફળતાપૂર્વક યોજવામાં આવ્યો હતો. આ ઉમદા કાર્યમાં રાજકોટના સુપ્રસિધ્ધ શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ ટ્રસ્ટનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો હતો. આ કેમ્પમાં નિષ્ણાંત તબીબો દ્વારા આંખના તમામ પ્રકારના જટિલ રોગોનું સંપૂર્ણ નિદાન વિનામૂલ્યે કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન જે દર્દીઓને ઓપરેશનની જરૂર જણાઈ, તેમને વધુ સારવાર અર્થે રાજકોટ ખાતે લઈ જવાની સુંદર વ્યવસ્થા સંસ્થા દ્વારા કરવામાં આવી હતી. ઓપરેશન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ દર્દીઓને સલામત રીતે તેમના વતન પરત મૂકવાની જવાબદારી પણ જેસીસ ગ્રુપ અને ટ્રસ્ટ દ્વારા ઉપાડવામાં આવે છે.

# લીલીયા આઈટીઆઈ ખાતે મીટીંગ બાદ વિવિધ વિભાગના કર્મીઓ ફરજ પર રવાના

લીલીયા,તા.૨૫



લીલીયા આઈ.ટી.આઈ. ખાતે મહત્વપૂર્ણ વહીવટી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. મામલતદાર એચ.બી. વાડા, ટીડીઓ વિક્રમસિંહ ગોહિલ અને સમાજ કલ્યાણ અધિકારી પ્રતિક સાવલિયા સહિત વિવિધ રાજકીય અગ્રણીઓની ઉપસ્થિતિમાં ચૂંટણીના સ્ટ્રોંગ રૂમનું સીલ ખોલવામાં આવ્યું હતું. આ તબક્કે ચૂંટણી ફરજમાં રોકાયેલા તમામ કર્મચારીઓને ઈ.વી.એમ. મશીનો અને જરૂરી ચૂંટણી સાહિત્યની સોંપણી કરવામાં આવી હતી. આ લોકશાહીના પર્વમાં શિક્ષણ, આરોગ્ય, પીજીવીસીએલ, પોસ્ટ અને પોલીસ વિભાગના કર્મચારીઓ ઉત્સાહભેર પોતાની ફરજ પર જવા રવાના થયા હતા. સમગ્ર આયોજનને સુચારૂ અને સફળ બનાવવા માટે સ્થાનિક મામલતદાર કચેરી તેમજ તાલુકા પંચાયત કચેરીના સ્ટાફ અને કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

# અમરેલીમાં કોળી સમાજ દ્વારા તા. ૧૦ના રોજ ૭૬મો વેવિશાળ પરિચય સમારંભ

અમરેલી,તા.૨૫

અમરેલીમાં સૌરાષ્ટ્ર અને સમગ્ર ગુજરાતમાં વસતા સમસ્ત કોળી સમાજના લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે ૭૬મો વેવિશાળ પરિચય સમારંભ આગામી તા. ૧૦-૦૫-૨૦૨૬ ને રવિવારે બપોરે ૧:૦૦ કલાકે આયોજિત કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ કેરીયા રોડ બાયપાસ પાસે આવેલા બાળહનુમાન મંદિર, કૈલાસ મુક્તિધામની સામે યોજાશે. આ પ્રસંગે રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી તથા જૂનાગઢ ભવનાથ તળેટીના પ્રમુખ ભુપતભાઈ એમ. ડાભી ખાસ ઉપસ્થિત રહેશે. આ સમારંભમાં ઉચ્ચ શિક્ષિત, નોકરીયાત કે ધંધાર્થી યુવકો ફોર્મ ભરી શકશે, જ્યારે યુવતીઓ માટે શૈક્ષણિક લાયકાતની કોઈ મર્યાદા રાખવામાં આવી નથી. અગાઉના કાર્યક્રમોમાં ભાગ લેનાર ૧૦૭૯ ઉમેદવારો આમાં વિનામૂલ્યે જોડાઈ શકશે. નવા ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૫-૫-૨૦૨૬ છે. વધુ વિગતો માટે આયોજક રમેશભાઈ ગોહિલ અથવા પરશોતમભાઈ મકવાણાનો સંપર્ક સાધવા જણાવાયું છે.

**પ્રેમલગ્ન કર્યા બાદ પતિ અન્ય સ્ત્રી સાથે જતો રહેતા મહિલાની હાલત કફોડી બની**

# બગસરામાં લાચાર મહિલાને રાજસ્થાન પહોંચાડતું સખી વન સ્ટોપ સેન્ટર

અમરેલી,તા.૨૫



અમરેલી જિલ્લાના બગસરા બસ સ્ટેન્ડમાં છેલ્લા ૧૫ દિવસથી એક ગર્ભવતી મહિલા પોતાના ત્રણ વર્ષના નિર્દોષ બાળક સાથે અત્યંત લાચાર હાલતમાં ભટકી રહી હતી. આ મહિલાની વહારે અભયમ ૧૮૧ની ટીમ આવી હતી અને તેને અમરેલીના સખી વન સ્ટોપ સેન્ટર ખાતે ખસેડવામાં આવી હતી. મહિલા અને બાળ વિકાસ અધિકારી શૈલેષભાઈ કણજારીયાના માર્ગદર્શન હેઠળ કેન્દ્ર સંચાલક રત્નાબેન ગૌસ્વામીએ મહિલાની પૂછપરછ કરતા જાણવા મળ્યું કે તે રાજસ્થાનની વતની છે. સાત વર્ષ પહેલાં પ્રેમલગ્ન કરવા માટે પરિવારથી વિખૂટી પડેલી આ મહિલાને તેનો પ્રેમી અન્ય સ્ત્રી સાથે ભાગી જતાં અધવચ્ચે છોડી ગયો હતો.આઠ માસનો ગર્ભ અને સાથે નાનું બાળક હોવા છતાં તેની પાસે રહેવા કે ખાવા માટે કોઈ આશરો નહોતો. સખી વન સ્ટોપ સેન્ટરે ટેકનોલોજી અને પોલીસની મદદથી રાજસ્થાનમાં તેના પરિવારનો સંપર્ક સાધ્યો હતો. ગરીબ પરિવારે દીકરીને સ્વીકારવાની તૈયારી દર્શાવી પરંતુ લેવા આવવા માટે તેઓ અસમર્થ હતા. અંતે સંચાલક પોતે જોખમ ખેડીને મહિલા અને બાળકને રાજસ્થાન લઈ ગયા હતા અને સ્થાનિક પોલીસની મદદથી બંધ મોબાઈલ નંબર વચ્ચે પણ ઘર શોધીને પરિવાર સાથે મેળાપ કરાવ્યો હતો.

# બાબરા કોર્ટનો સીમાચિહ્નરૂપ ચુકાદો: ચેક રિટર્ન કેસમાં આરોપીને જેલની સજા

બાબરા,તા.૨૫



બાબરાની કોર્ટે ચેક રિટર્ન મામલે એક અત્યંત મહત્વપૂર્ણ અને કડક ચુકાદો સંભળાવીને કાયદાનું પાલન ન કરનારાઓ માટે દાખલો બેસાડ્યો છે. આ કેસની વિગત મુજબ, ઘુઘરાળા ગામના વતની મનુભાઈ જીણાભાઈ ચિતલીયાએ અમરેલીના કાજલબેન બાલાભાઈને મિત્રતાના દાવે પાંચ લાખ પચાસ હજાર રૂપિયા ઉછીના આપ્યા હતા. આ રકમની ચુકવણી માટે આપવામાં આવેલો ચેક બેંકમાંથી અપૂરતા બેલેન્સના કારણે પરત ફર્યો હતો. ફરિયાદીએ આ મામલે એડવોકેટ હિતેષ એમ. મીઠાપરા મારફતે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળ કાયદેસરની ફરિયાદ દાખલ કરી હતી. કેસની સુનાવણી દરમિયાન ફરિયાદી પક્ષના વકીલે રજૂ કરેલા દસ્તાવેજી પુરાવાઓ અને તાર્કિક દલીલોને ધ્યાને રાખી ન્યાયાલયે આરોપી કાજલબેનને તકસીરવાન ઠેરવ્યા હતા. કોર્ટે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા ફટકારવા સાથે ચેકની મૂળ રકમ કરતા બમણી રકમ એટલે કે કુલ અગિયાર લાખ રૂપિયા ફરિયાદીને વળતર પેટે ચૂકવવાનો હુકમ કર્યો છે. આ ચુકાદો નાણાકીય વ્યવહારોમાં પારદર્શિતા જાળવવા માટે ખૂબ જ સૂચક માનવામાં આવે છે.

# લાઠી ખાતે વીર હમીરસિંહ ગોહિલના બલિદાનને યાદ કરી શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૨૫



લાઠી સ્ટેટના રાજકુંવર અને સોમનાથ મહાદેવના અનન્ય રક્ષક વીર હમીરસિંહ ગોહિલના બલિદાનને યાદ કરવા માટે શૌર્ય દિવસ નિમિત્તે વિશેષ શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વૈશાખ સુદ નોમના પવિત્ર દિવસે જ્યારે વિધર્મી આક્રમણખોરો સામે સોમનાથ મંદિરના અસ્તિત્વને બચાવવા માટે તેમણે પોતાના પ્રાણની આહુતિ આપી હતી, તે ક્ષણને આજે પણ ગુજરાતની ધરા ગૌરવપૂર્વક યાદ કરે છે. આ પવિત્ર અવસરે લાઠીના ઠાકોર સાહેબ કીર્તિ કુમાર સિંહજીના નિવાસસ્થાને સ્તુતિ ટ્રસ્ટ દ્વારા એક ભવ્ય વિરાંજલિ સભાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત તમામ મહાનુભાવો દ્વારા વીર હમીરસિંહ ગોહિલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. સ્તુતિ ટ્રસ્ટના પ્રમુખ ઈતેશભાઈ મહેતા, ઉપપ્રમુખ મુનુ બાપુ ગોસાઈ તથા અગ્રણીઓ બાલાભાઈ ભટ્ટ અને હરેશભાઈ સેજુ સહિતનાઓ હાજર રહ્યાં હતાં.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે, આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

**ગત તા.૧૫ ના રોજ બે વ્યક્તિઓ પર હુમલો કરનાર**

# રાજુલાના નવા અગરિયા ગામે દીપડો પાંજરે પુરાતા હાશકારો

રાજુલા,તા.૨૫

રાજુલા તાલુકાના નવા અગરિયા ગામમાં છેલ્લા કેટલાક સમયથી ભયનો માહોલ ફેલાવનાર દીપડાને આખરે વન વિભાગે ઝડપી પાડ્યો છે.

ગત ૧૫ તારીખે સીમ વિસ્તારમાં બે વ્યક્તિઓ પર હુમલો કરી ઈજા પહોંચાડનાર આ આક્રમક નર દીપડાને પકડવા માટે શેત્રુંજી વન્યજીવ વિભાગ દ્વારા ખાસ એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો હતો. પાલિતાણાના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ રાજુલા રેન્જના આર.એફ.ઓ. મકવાણા અને તેમની ટીમે દીપડાની અવરજવર વાળા સંભવિત વિસ્તારોમાં સઘન સ્કેનિંગ હાથ ધરીને વ્યૂહાત્મક રીતે પાંજરા ગોઠવ્યા હતા. વન



વિભાગની સતત મહેનત અને દેખરેખને પરિણામે અંદાજે ૯ થી ૧૨ વર્ષની વયનો એક કદાવર નર દીપડો પાંજરામાં કેદ થયો હતો. આ સફળ રેસ્ક્યૂ ઓપરેશનમાં વન વિભાગના નિષ્ણાંત ટ્રેકર્સ અને સ્ટાફ સભ્યોએ મહત્વની ભૂમિકા ભજવી હતી. દીપડો પકડાતા જ સ્થાનિક ખેડૂતો અને ગ્રામજનોએ લાંબા સમય બાદ રાહતનો શ્વાસ લીધો છે. હાલમાં આ દીપડાને વધુ સારવાર અને સુરક્ષા માટે જૂનાગઢના ઝાંઝરડા એનિમલ કેર સેન્ટર ખાતે મોકલી આપવામાં આવ્યો છે.

**દીપડાને વધુ સારવાર માટે જૂનાગઢ એનિમલ કેર સેન્ટરમાં ખસેડાયો**

# અમરેલી કલેક્ટર દ્વારા નાગરિકોને લોકશાહીના પર્વમાં જોડાવા અનુરોધ

અમરેલી,તા.૨૫

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત અમરેલી જિલ્લા પંચાયત, તમામ ૧૧ તાલુકા પંચાયતો તથા અમરેલી, સાવરકુંડલા, બગસરા, ધારી, બાબરા અને દામનગર એમ કુલ ૦૬ નગરપાલિકાઓની ચૂંટણી માટે ૨૬ એપ્રિલ, ૨૦૨૬ (રવિવાર) ના રોજ સવારે ૭:૦૦ થી સાંજના ૬:૦૦ કલાક દરમિયાન મતદાન યોજાનાર છે. આ મહત્વપૂર્ણ મતદાન પ્રક્રિયામાં જિલ્લાના વધુમાં વધુ નાગરિકો ઉત્સાહભેર ભાગ લે અને પોતાના અમૂલ્ય મતાધિકારનો ઉપયોગ કરે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર દ્વારા ખાસ અપીલ કરવામાં આવી છે. કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ મતદારો સરળતાથી મતદાન કરી શકે તે માટે સુચારુ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તંત્ર દ્વારા ઈ.વી.એમ. નિદર્શન દ્વારા વ્યાપકપણે લોકજાગૃતિના પ્રયત્નો પણ કરવામાં આવ્યા છે. લોકશાહીના પાયા સમાન આ ચૂંટણીમાં દરેક મતદાર અવશ્યપણે મતદાન કરી પોતાની પવિત્ર ફરજ નિભાવે તેવો હાર્દિક અનુરોધ કરવામાં આવ્યો છે.

# રાજુલા શહેરમાં સોમેશ્વર મહાદેવ મંદિરના લાભાર્થે શિવકથાનો પ્રારંભ

રાજુલા,તા.૨૫



રાજુલાના જાફરાબાદ રોડ પર આવેલા શ્રીજી નગરમાં શ્રી સોમેશ્વર મહાદેવ મંદિરના લાભાર્થે ભવ્ય શિવ મહાપુરાણ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. બાપાસીતારામ મહિલા મંડળ ગ્રુપ દ્વારા આયોજિત આ કથા દરરોજ બપોરે ૩ થી ૭ વાગ્યા દરમિયાન યોજાશે. જાણીતા વક્તા યોગેશ દાદા "જીવ થી શિવ સુધીની યાત્રા" વિષય પર શિવ મહિમા સમજાવશે. ભાવિકોને આ ધર્મલાભ લેવા આયોજકોએ ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

# અમરેલી જિલ્લામાં આજે સ્થાનિક સ્વરાજયની ચૂંટણી યોજાશે

**દિવ્યાંગ મતદારો માટે તંત્ર દ્વારા ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી**

અમરેલી,તા.૨૫

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા એપ્રિલ-૨૦૨૬માં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી છે. આ જાહેરાત અનુસાર અમરેલી જિલ્લામાં કુલ ૬ નગરપાલિકાઓ અને ૧૧ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ યોજાશે. આ મહત્વપૂર્ણ લોકશાહી પર્વનું મતદાન આગામી તારીખ ૨૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ નિર્ધારિત કરવામાં આવ્યું છે અને તેની મતગણતરી ૨૮ એપ્રિલ ૨૦૨૬ના રોજ હાથ ધરવામાં આવશે. ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ રીતે સંપન્ન થાય તે હેતુથી વહીવટી તંત્ર દ્વારા તમામ જરૂરી તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. ચૂંટણીના સુચારુ સંચાલન માટે અમરેલીના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ ૧૬૩ હેઠળ વિશેષ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામા મુજબ મતદાન મથકની અંદર અને તેની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ પ્રકારના પ્રચાર-પ્રસાર પર સખત પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. મતદારોને ડરાવવા, ધમકાવવા કે કોઈ ચોક્કસ ઉમેદવારની તરફેણમાં મત આપવા માટે દબાણ કરવું એ કાયદાકીય ગુનો ગણાશે. વધુમાં મતદાન મથકમાં મોબાઈલ ફોન, વાયરલેસ સેટ કે અન્ય સંદેશાવ્યવહારના સાધનો લઈ જવા પર પણ પાબંદી રહેશે. મતદાન મથકમાં માત્ર અધિકૃત વ્યક્તિઓ જ પ્રવેશ કરી શકશે અને મતદારોએ શિસ્તબધ્ધ રીતે લાઈનમાં ઉભા રહી પોતાનો મતાધિકાર વાપરવાનો રહેશે. દિવ્યાંગ મતદારો માટે વહીવટી તંત્ર દ્વારા ખાસ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે જેથી તેઓ સરળતાથી મતદાન કરી શકે. આ આદેશો સમગ્ર જિલ્લામાં મતદાનના દિવસે અને જો પુનઃમતદાન યોજાય તો તે સમયે પણ કડક રીતે અમલી રહેશે.

# ધારીના ભટ્ટવાવડી ગામે માં બગલામુખી પ્રાગટ્ય મહોત્સવ ઉજવાયો

અમરેલી,તા.૨૫



ધારી નજીક આવેલા ભટ્ટ વાવડી ગામે માં બગલામુખીના પ્રાગટ્ય દિવસ નિમિત્તે ભવ્ય ધાર્મિક મહોત્સવનું આયોજન થયું હતું. ટ્રસ્ટી અનિલભાઈ અને ગાયત્રી દેવીના કુશળ નેતૃત્વમાં યોજાયેલા આ કાર્યક્રમમાં શ્રધ્ધાળુઓનો મહેરામણ ઉમટી પડ્યો હતો. ભક્તિમય હવન અને પ્રસાદ વિતરણના કાર્યક્રમોથી સમગ્ર વાતાવરણ શ્રધ્ધાથી ભીંજાઈ ગયું હતું. આ પ્રસંગે વિદેશી મહેમાનો અને અનેક પૂજ્ય સંતોની ગરિમામય ઉપસ્થિતિ આકર્ષણનું કેન્દ્ર બની હતી. ઉત્સવ દરમિયાન સામાજિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ સેવા આપનાર મહાનુભાવોનું વિશેષ સન્માન પણ કરવામાં આવ્યું હતું,

# ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ઝુંપડપટ્ટી વિસ્તારમાં બાળકોને પગરખાનું વિતરણ

ચલાલા,તા.૨૫

ચલાલા ખાતે યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા માનવતાના અભિગમ સાથે એક પ્રશંસનીય સેવા કાર્યક્રમ સંપન્ન થયો હતો. ચલાલા શહેરના ધારી રોડ અને ગોપાલગ્રામ રોડ પર આવેલા ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં ઉનાળાની આકરી ગરમીમાં રાહત આપવાના ઉમદા હેતુથી ચંપલનું વિતરણ કરવામાં આવ્યું હતું. મહેશભાઈ મહેતા અને શીતલબેન મહેતાએ સ્વયં આ વિસ્તારોની મુલાકાત લઈને ગરીબ



પરિવારોને પગરખાં અર્પણ કર્યા હતા. મહેશભાઈએ આ પ્રસંગે જણાવ્યું હતું કે કાળઝાળ ગરમીમાં જરૂરિયાતમંદોને પગના રક્ષણ સાથે પાયાની સુવિધા મળે તે જ મુખ્ય લક્ષ્ય છે અને ભવિષ્યમાં પણ આવી લોકકલ્યાણની પ્રવૃત્તિઓ નિરંતર ચાલુ રાખવામાં આવશે.

# અમરેલીમાં બાઈક સાઈડમાં રાખવાનું કહેતા યુવક પર હુમલો

**માથામાં ઈંટ ઝીકતા ત્રણ ટાંકા આવ્યા**

અમરેલી,તા.૨૫

અમરેલી જિલ્લામાં સામાન્ય બાબતે થતા ઝઘડાઓ લોહિયાળ સ્વરૂપ ધારણ કરી રહ્યા છે. અમરેલીમાં પોતાની જ શેરીમાં ઊભેલા એક યુવકને મોટરસાઈકલ સાઈડમાં રાખવાનું કહેવું ભારે પડ્યું હતું. બાઈક હટાવવાનું કહેતા ઉશ્કેરાયેલા શખ્સે અન્ય ત્રણ સાગરીતો સાથે મળી યુવકને બેફામ ગાળો આપી, ઈંટ વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.આ અંગે સંજયભાઈ રમેશભાઈ ચાવડા (ઉ.વ.૩૨) એ જયંતભાઈ અશોકભાઈ મહીડા, હાર્દિકભાઈ અશોકભાઈ મહીડા, અશોકભાઈ અરજણભાઈ મહીડા તથા રમેશભાઈ અરજણભાઈ મહીડા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ફરિયાદી જ્યારે પોતાની શેરીમાં ઊભા હતા, ત્યારે આરોપી જયંતભાઈ મહીડા પોતાની મોટરસાઈકલ લઈને ત્યાં આવ્યો હતો. શેરીમાં અવરોધ ન થાય તે હેતુથી તેમણે આરોપીને તેનું બાઈક સાઈડમાં મૂકી દેવા જણાવ્યું હતું. આ સામાન્ય વાતમાં આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને જેમ ફાવે તેમ ગંદી ગાળો આપી હતી. તેમજ ઉશ્કેરાટમાં આવી નજીકમાં પડેલી એક ઈંટ ઉપાડી તેના માથામાં ઝીંકી દીધી હતી. હુમલો એટલો ગંભીર હતો કે યુવકને માથાના ભાગે ઈજા પહોંચી હતી અને સારવાર દરમિયાન ત્રણ ટાંકા લેવા પડ્યા હતા. ઘટના દરમિયાન ત્યાં હાજર અન્ય આરોપીઓએ તેને ઘેરી લીધો હતો અને ઢીંકાપાટુનો મૂઢ માર માર્યો હતો.

ચારેય શખ્સોએ ભેગા મળી ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.બી. સૈયદ વધુ તપાસ કરી રહ્યા છે.

સ્પે. વેકેશન બેચ
સ્પોકન ઈંગ્લિશ
સમય : સવારે ૮ થી ૧૦, બપોરે ૪ થી ૬
કોર્ષ ફી : Rs. 2500/-
ઓજસ કલાસીસ - અમરેલી
દિપક ભટ્ટ - મો. ૯૮૭૦૭ ૬૯૪૫૧

# ગોઢાવદરના ગજેરા પરિવાર દ્વારા નેત્રદાનનું પ્રેરણાદાયી કાર્ય

ગોઢાવદર,તા.૨૫

લીલીયા લાઠી લોક દ્રષ્ટિ ચક્ષુ બેંક ગોઢાવદર ખાતે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. ગોઢાવદર નિવાસી સ્વ. ઘનશ્યામભાઈ રવજીભાઈ ગજેરા (ઉંમર ૬૮ વર્ષ)નું તા.૨૪ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થતા, તેમના શોકાતુર પરિવારે મનોબળ બતાવીને નેત્રદાન કરવાનો ઉમદા નિર્ણય લીધો હતો. આ અંગે ડૉ. જયંતિભાઈ કુંભાણીને જાણ કરવામાં આવતા



તેઓ ડૉ. અક્ષયભાઈ ભાલાળા અને નિલેશભાઈ વોરાની ટીમ સાથે ગોઢાવદર પહોંચ્યા હતા અને નેત્રદાન સ્વીકાર્યું હતું. આ પ્રસંગે દીકરી ચંદ્રિકાબેન, પૌત્ર દેવેન્સ, પરેશભાઈ અને પોપટભાઈ સહિત પરિવારના સભ્યો, ગ્રામજનો અને સ્નેહીજનોની હાજરીમાં શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ડૉ. કુંભાણીએ શોકગ્રસ્ત પરિવારને સન્માન પત્ર આપી તેમની આ સેવાકીય ભાવનાને બિરદાવી હતી. મૃત્યુના છ કલાકમાં મળેલું નેત્રદાન આગામી બોંતેર કલાકમાં બે જરૂરિયાતમંદ વ્યક્તિઓના અંધકારમય જીવનમાં ઉજાસ પાથરી શકે છે. લોક દ્રષ્ટિ ચક્ષુ બેંકના પ્રમુખ ડૉ. પ્રફુલ્લભાઈ શિરોયા, ઉપપ્રમુખ દિનેશભાઈ જાગાણી, ટ્રસ્ટી મંડળ અને અંટાળીયા મહાદેવના વિઠ્ઠલભાઈ માંડલિયાએ દિવંગત આત્માને શ્રધ્ધાંજલિ પાઠવી હતી. ખરેખર, રક્તદાન અને અંગદાન એ માનવજીવનના સર્વોત્તમ દાન છે જે અન્યોને નવું જીવન પ્રદાન કરે છે.

## અવસાન નોંધ

**વિજપડી**

મર્હુમા હાજીયાણી રોશનબેન હબીબભાઈ ચૌહાણની જીયારત તારીખ. ૨૬-૪-૨૦૨૬.રવિવાર સવારે ૯:૩૦ કલાકે જુમ્મા મસ્જીદ વિજપડીમાં રાખેલ છે. ઔરતો ની જીયારત તેમના નિવાસ્થાને રાખેલ છે તો સર્વો મુસ્લિમ દીનદાર ભાઈઓ શરીક થઇ સવાબે દારૈન હાંસીલ કરે મહુવા સાવરકુંડલા રોડ જૂની P.G.V.C.L. ની ઓફિસ સામે વડલા વાળી શેરી વિજપડી.

લી

મેહબૂબભાઈ હબીબભાઈ ચૌહાણ,રસુલભાઈ અ.રહેમાનભાઈ ચૌહાણ, જાહીદભાઈ અ.રહેમાનભાઈ ચૌહાણ, રૂસ્તમભાઈ અ.રહેમાનભાઈ ચૌહાણ, ઈરફાનભાઈ ઈકબાલભાઈ ચૌહાણ ( મસ્તાના હોટલવાળા ), તોફિકભાઈ ઈકબાલભાઈ ચૌહાણ.

સંકુલ ધો. ૧૧-૧૨ કોમર્સ
અર્થશાસ્ત્ર અથવા કોમ્પ્યુટર
બન્ને માંથી કોઈપણ
વિષય રાખવાની છૂટ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ
ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી -Ad020

BLUE BUDDHA
CLEARANCE SALE
T-SHIRTS @ ₹399
POLOS @ ₹499
SHIRTS @ ₹699
TROUSERS @ ₹699
DENIMS @ ₹799
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાકોતર ■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

राष्ट्रीय मुक्त विद्यालयी शिक्षा संस्थान
National Institute of Open Schooling
100 % પાસ માન્ય સંસ્થા
LAKSHYA
ધો.10 અને 12 નાપાસ વિદ્યાર્થી ને
પાસ થવા એક તક
NIOS બોર્ડ માં પરિક્ષા આપી
ઉજ્વળ ભવિષ્ય બનાવો અને
10 ને 12 પાસ કરી
SI,ANM, GNM, BSC અને D PHARMA માં એડમિશન મેળવો
એડમિશન માટે
LAKSHYA EDUCATION
7043819956
બીજો માળ ટાઉન હોલ શોપિંગ સેન્ટર ભીડભંજન મંદિર સામે અમરેલી

ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર
Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા અમરેલી - 365601

ભોજલરામ નાગરીક શરાફી મંડળી દ્વારા સરાહનીય કાર્ય

# મંડળીના સભાસદનું નિધન થતા વારસદારને રૂા.ર.૮૦ લાખનો ચેક અર્પણ

**પરિવાર પ્રત્યે સંવેદના પ્રગટ કરી સામાજિક જવાબદારી નિભાવવામાં આવી**

અમરેલી,તા.૨૫

શ્રી ભોજલરામ નાગરીક શરાફી સહકારી મંડળી લિમિટેડ દ્વારા સભાસદના અવસાન બાદ તેમના પરિવાર પ્રત્યે સંવેદના પ્રગટ કરી સામાજિક જવાબદારી નિભાવવામાં આવી છે. મંડળીના સભાસદ ભાવેશભાઈ કાબરીયાનું અવસાન થતા તેમના વારસદાર ઓમભાઈ ભાવેશભાઈ કાબરીયાને મૃત્યુ સહાય પેટે રૂ. ૨,૮૦,૦૦૦/-નો ચેક મહાનુભાવોના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ટ્રસ્ટી વસંતભાઈ મોવલીયા, સુરેશભાઈ દેસાઈ અને સમાધાન પંચના અધ્યક્ષ



ચુનીભાઈ વાડદોરિયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મંડળીના ચેરમેન ગોરધનભાઈ ગેડીયા અને ડિરેક્ટર ગુણવંતભાઈ ભંડેરી સહિત અન્ય અગ્રણીઓએ શોકગ્રસ્ત પરિવારને સાંત્વના પાઠવી હૂંફ આપી હતી. મંડળીના સેક્રેટરી ક્રિનલબેન ગેડીયાએ અખબારી યાદીમાં જણાવ્યું કે સંસ્થા હંમેશા સભાસદોના સુખ-દુ:ખમાં સહભાગી થવા કટિબધ્ધ છે. આ કાર્યક્રમમાં પ્રદીપભાઈ રાખોલીયા, અશ્વિનભાઈ ધાનાણી અને વિશાલભાઈ કાબરીયા સહિતના આગેવાનોએ હાજરી આપી મંડળીની સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી હતી.

# ધારીના ફતેગઢમાં સિંહોના ટોળાએ પશુઓનો શિકાર કરતા ફફડાટ

અમરેલી,તા.૨૫

ધારી તાલુકામાં આવેલ ફતેગઢ ગામે આજે વહેલી સવારના સમયે સિંહોના એક મોટા ટોળાએ ગામમાં આતંક મચાવ્યો હતો. આશરે છ જેટલા સિંહોના ટોળાએ અચાનક ગામમાં પ્રવેશીને પશુઓ પર હુમલો કરતા સમગ્ર પંથકમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. આ હિંસક હુમલામાં સિંહોએ ત્રણ પશુઓનું મારણ કર્યું હોવાના અહેવાલ મળ્યા છે. આ બનાવની જાણ થતાં જ વન વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને પશુઓના શિકાર



અંગેની પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. વન વિભાગે સ્થાનિક રહીશોને સાવચેત રહેવા જણાવ્યું છે અને રાત્રિના સમયે પશુઓને સુરક્ષિત સ્થાને બાંધવા માટે ખાસ અપીલ કરી છે.

# ખાંભાનો યુવક અને અમરેલીની મહિલા ગુમ થતા પરિવારજનો ચિંતિત

અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લામાં અલગ-અલગ બે સ્થળોએથી બે વ્યક્તિઓ ગુમ થયાની ઘટના સામે આવી છે. ખાંભામાં માલ ઉતારવા જવાનું કહી નીકળેલા યુવક પાંચ દિવસથી, જ્યારે અમરેલીમાંથી એક પરિણીતા ગુમ થયાં છે.ખાંભામાં રહેતા રાજદીપસિંહ નામના યુવકે ગત તા. ૨૦/૦૪/૨૦૨૬ના રોજ રાત્રિના અગિયારેક વાગ્યે પોતાના ઘરેથી નીકળતી વખતે જણાવ્યું હતું કે, તેઓ 'ખાંભા ખોડિયાર ફાસ્ટફૂડ'ની દુકાને માલ ઉતારવા માટે જાય છે. જોકે, મોડી રાત સુધી તેઓ ઘરે પરત ફર્યા નહોતા. પરિવારજનોએ મિત્રો અને સગા-સંબંધીઓમાં તેમની શોધખોળ કરી હતી, પરંતુ આજદિન સુધી તેમનો કોઈ પત્તો ન લાગતા આખરે પોલીસને જાણ કરવામાં આવી હતી.બીજી ઘટનામાં, અમરેલીમાં રહેતા અનુરાધાબેન સંજયભાઈ દેવડા નામની મહિલા ગત તા. ૦૫/૦૪/૨૦૨૬ના રોજ સવારના સમયે ગુમ થયાં હતાં. પ્રાપ્ત વિગતો મુજબ, સવારે ૮:૩૦ થી ૧૦:૦૦ વાગ્યાના અરસામાં અનુરાધાબેન કોઈને પણ કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયાં હતાં. લાંબા સમયની શોધખોળ બાદ પણ તે મળી ન આવતા પરિવારે પોલીસને જાણ કરી હતી. પોલીસે આ બંને મામલે ગુમશુદા નોંધ કરી હતી અને આ વ્યક્તિઓ વિશે કોઈને પણ જાણકારી મળે તો તાત્કાલિક સ્થાનિક પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી કરી છે.

# રાજુલા તાલુકાના ભચાદર ગામે મહિલાને પિતા-પુત્રએ ધોકા વડે બેફામ માર માર્યો

રાજુલા, તા. ૨૫

રાજુલા તાલુકાના ભચાદર ગામે માનવતાને શરમાવે તેવી એક ઘટના સામે આવી છે. વાડીમાં કેરી ઉતારવાનું કામ કરી રહેલી એક મહિલાના હાથમાંથી અકસ્માતે કેરીનું કેરેટ નીચે પડી જતાં, વાડી માલિક અને તેના પિતાએ ઉશ્કેરાઈને શ્રમિક મહિલાને ધોકા વડે બેફામ માર મારતા ચકચાર મચી ગઈ હતી. આ બનાવ સંદર્ભે રતનબેન ભાવેશભાઈ પરમારે (ઉ.વ. ૪૦) ભાવેશભાઈ બાબુભાઈ પરમાર તથા બાબુભાઈ કાનાભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તારીખ ૨૩/૦૪/૨૦૨૬ના રોજ સવારના દશેક વાગ્યે રતનબેન ભચાદર ગામે રાજુભાઈ માત્રાભાઈની વાડીમાં કેરી ઉતારવાની મજૂરી કરી રહ્યા હતા. આ દરમિયાન અચાનક તેમના હાથમાંથી કેરી ભરેલું એક કેરેટ નીચે પડી ગયું હતું. આ મામૂલી બાબત વાડીમાં હાજર ભાવેશ અને તેના પિતા બાબુભાઈને ગમી નહોતી. માત્ર કેરેટ પડી જવા જેવી સામાન્ય ઘટનામાં પિતા-પુત્ર ઉશ્કેરાઈ ગયા હતા અને તેમણે મહિલાને પકડીને ધોકા વડે આડેધડ મુંઢમાર મારવાનું શરૂ કર્યું હતું. હાલ મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના એએસઆઈ એચ. એલ. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં પત્નીના આડા સંબંધની શંકાએ ઠપકો આપતા પિતા પર બે પુત્રોનો હુમલો

**સળિયા અને લાકડી વડે પિતાને લોહીલુહાણ કર્યા**

અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લામાં કૌટુંબિક ઝઘડામાં પુત્રોએ પિતા પર હુમલો કર્યો હોવાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. પત્નીના આડા સંબંધોની શંકા રાખી પિતાએ આપેલા ઠપકાના કારણે પુત્રોએ પિતાને લોખંડના સળિયા અને લાકડી વડે માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ અંગે વિભુભાઈ હરજીભાઈ પરમાર (ઉ.વ. ૫૫)એ ગોપાલભાઈ વિભુભાઈ પરમાર તથા રાજુભાઈ વિભુભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ફરિયાદી પિતાને શંકા હતી કે તેમની પત્નીને તેમના જ નાના ભાઈ (દિયર) સાથે આડા સંબંધો છે. આ બાબતે તેઓ જ્યારે પત્નીને ઠપકો આપી રહ્યા હતા, ત્યારે તેમના બંને દીકરાઓ ત્યાં હાજર હતા. માતા-પિતા વચ્ચેની આ બોલાચાલીમાં બંને પુત્રો ઉશ્કેરાઈ ગયા હતા અને પિતા પર તૂટી પડ્યા હતા. મોટા પુત્ર ગોપાલભાઈએ લોખંડના સળિયા વડે પિતાના ડાબા પગે અને કપાળના ભાગે ઘા ઝીંક્યા હતા, જ્યારે નાના પુત્ર રાજુભાઈએ લાકડી વડે જમણા પગે અને માથાના પાછળના ભાગે ફટકા માર્યા હતા. હાલ પોલીસ આ મામલે વધુ તપાસ ચલાવી રહી છે.

# લેપટોપ રિપેર કરાવવા અમરેલી ગયેલી જરખીયાની યુવતી લાપતા

લાઠી, તા. ૨૫

લાઠી તાલુકાના જરખીયા ગામની એક યુવતી ગુમ થઈ હોવાની ઘટના સામે આવી છે. ૧૯ વર્ષીય યુવતી કોલેજની ફી ભરવા અને લેપટોપ રિપેર કરાવવા અમરેલી જવાનું કહી નીકળ્યા બાદ પરત ન ફરતા પરિવારજનો ચિંતાતુર બન્યા છે.પ્રાપ્ત માહિતી અનુસાર, જરખીયા ગામે રહેતા કાંતિભાઈ ખોડાભાઈ રાઠોડની ૧૯ વર્ષીય પુત્રી કોમલબેન અભ્યાસ કરે છે. ગતરોજ તેઓ ઘરેથી અમરેલી જવા નીકળ્યા હતા. તેમણે પરિવારને જણાવ્યું હતું કે, તેઓ કોલેજની ફી ભરવા અને લેપટોપ રિપેર કરાવવા જઈ રહ્યા છે. જોકે, સાંજ સુધી કોમલબેન પરત ન આવતા અને તેમનો સંપર્ક ન થઈ શકતા પરિવારે શોધખોળ હાથ ધરી હતી. સંબંધીઓ અને પરિચિતોને ત્યાં તપાસ કરવા છતાં યુવતીની કોઈ ભાળ મળી નથી.

# બગસરાના નવા ઝાંઝરીયા ગામે પરિણીતાને સાસરિયાનો ત્રાસ

બગસરા, તા. ૨૫

અમરેલી જિલ્લામાં ઘરેલું હિંસા અને પરિણીતાઓ પર થતા અત્યાચારની ઘટનાઓ અટકવાનું નામ નથી લઈ રહી.

બગસરા તાલુકાના નવા ઝાંઝરીયા ગામે એક પરિણીતાને તેના સાસરિયા પક્ષ દ્વારા શારીરિક અને માનસિક દુઃખ-ત્રાસ આપવામાં આવતો હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. નવા ઝાંઝરિયા ગામે રહેતી સોનલબેન સંજયભાઈ મકવાણા (ઉ.વ.૩૩)એ પતિ સંજયભાઈ નાનજીભાઈ મકવાણા, સસરા નાનજીભાઈ મકવાણા, ભત્રીજા મેહુલભાઈ દિનેશભાઈ મકવાણા અને જેઠાણી કૈલાશબેન દિનેશભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદ મુજબ, સાસરિયા પક્ષના સભ્યો દ્વારા નાની-નાની બાબતોમાં તેમને અવારનવાર હેરાન કરવામાં આવતા હતા. તમામ સભ્યોએ એકસંપ થઈ તેમને શારીરિક અને માનસિક ત્રાસ આપ્યો હતો.

સાસરિયાના સતત વધતા જતા ત્રાસથી કંટાળીને આખરે પરિણીતાએ કાયદાનો આશરો લીધો છે. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રવિભાઈ ખોડાભાઈ બગડા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૫૪૫ | ૧૭૬૫ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૫૨ | ૬૧૦ |
| જુવાર સફેદ | ૮૨૦ | ૯૫૧ |
| જુવાર પીળી | ૪૦૧ | ૪૫૦ |
| બાજરી | ૨૪૦ | ૪૬૦ |
| તુવેર | ૧૧૫૪ | ૧૫૧૬ |
| ચણા પીળા | ૯૦૦ | ૧૦૭૦ |
| ચણા સફેદ | ૧૧૨૧ | ૧૭૨૫ |
| અડદ | ૧૨૦૦ | ૧૫૫૦ |
| મગ | ૧૧૦૦ | ૧૯૪૧ |
| વાલ દેશી | ૭૭૦ | ૧૦૯૦ |
| ચોળી | ૧૧૩૦ | ૧૧૮૦ |
| વટાણા | ૬૫૦ | ૧૦૫૦ |
| કળથી | ૩૦૦ | ૬૦૦ |
| રાજમા | ૬૦૦ | ૧૭૧૫ |
| મગફળી જાડી | ૧૨૨૫ | ૧૪૮૫ |
| મગફળી જીણી | ૧૨૫૦ | ૧૫૬૦ |
| તલી | ૧૫૫૦ | ૨૦૭૦ |
| સુરજમુખી | ૧૦૦૦ | ૧૩૬૦ |
| એરંડા | ૧૧૮૮ | ૧૨૫૭ |
| અજમો | ૧૪૦૭ | ૩૦૨૦ |
| સુવા | ૧૧૧૧ | ૧૫૮૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૮૦ |
| સીંગફાડા | ૧૨૦૦ | ૧૬૬૦ |
| કાળા તલ | ૨૬૦૦ | ૩૪૩૧ |
| લસણ | ૭૦૫ | ૧૪૮૦ |
| ધાણા | ૨૨૭૫ | ૨૪૮૦ |
| મરચા સુકા | ૨૫૦૦ | ૫૦૦૦ |
| ધાણી | ૨૩૧૦ | ૨૭૧૧ |
| વરીયાળી | ૧૩૫૦ | ૨૨૫૦ |
| જીરૂ | ૩૪૭૫ | ૪૦૦૦ |
| રાય | ૧૦૫૦ | ૧૪૩૫ |
| મેથી | ૧૧૮૪ | ૧૭૭૦ |
| ઇસબગુલ | ૧૩૫૦ | ૧૯૯૫ |
| અશેરીયો | ૯૫૦ | ૧૧૩૦ |
| કલોંજી | ૨૭૫૦ | ૩૪૯૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૯૧ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૩૯૭ | ૬૪૮ |
| લીંબુ | ૧૬૨૫ | ૩૬૬૧ |
| સાકરટેટી | ૧૫૪ | ૩૦૧ |
| તરબુચ | ૧૧૯ | ૨૬૨ |
| પપૈયા | ૮૧ | ૧૬૨ |
| બટેટા | ૧૦૭ | ૨૪૬ |
| ડુંગળી સુકી | ૩૧ | ૨૩૦ |
| ટમેટા | ૨૧૨ | ૪૦૮ |
| સુરણ | ૭૭૮ | ૯૫૪ |
| કોથમરી | ૨૭૮ | ૪૧૧ |
| મુળા | ૩૨૭ | ૪૬૨ |
| રીંગણા | ૧૧૪ | ૩૪૬ |
| કોબીજ | ૮૯ | ૧૮૯ |
| ફ્લાવર | ૩૧૮ | ૫૬૬ |
| ભીંડો | ૧૧૪ | ૨૨૫ |
| ગુવાર | ૨૩૬ | ૫૫૪ |
| ચોળાસીંગ | ૩૩૧ | ૫૪૬ |
| ટીંડોળા | ૨૮૪ | ૬૪૩ |
| દુધી | ૮૭ | ૧૬૫ |
| કારેલા | ૨૪૫ | ૪૨૮ |
| સરગવો | ૨૬૮ | ૫૨૬ |
| તુરીયા | ૨૨૧ | ૩૮૪ |
| પરવર | ૬૦૧ | ૭૨૫ |
| કાકડી | ૧૮૮ | ૩૩૬ |
| ગાજર | ૨૧૧ | ૪૧૨ |
| વટાણા | ૧૪૪૪ | ૧૮૪૧ |
| ગલકા | ૧૬૨ | ૨૫૪ |
| બીટ | ૧૧૦ | ૨૧૪ |
| મેથી | ૪૧૮ | ૬૩૩ |
| ડુંગળી લીલી | ૨૩૮ | ૩૭૪ |
| આદુ | ૮૬૭ | ૧૦૫૭ |
| મરચા લીલા | ૪૧૮ | ૭૬૬ |
| મકાઇ લીલી | ૧૫૪ | ૨૩૬ |
| ગુંદા | ૨૫૪ | ૪૫૯ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૧૧ | ૧૮૩૧ |
| ઘઉં લોકવન | ૪૬૦ | ૬૪૪ |
| ઘઉં ટુકડા | ૪૫૮ | ૬૫૧ |
| મગફળી જીણી | ૧૧૭૧ | ૧૬૫૧ |
| સિંગદાણા જાડા | ૧૬૦૦ | ૧૮૯૧ |
| સિંગ ફાડીયા | ૧૦૦૦ | ૧૭૯૧ |
| એરંડા / એરંડી | ૯૫૧ | ૧૨૮૧ |
| જીરૂ | ૨૦૦૦ | ૪૨૧૧ |
| કલંજી | ૧૦૦૦ | ૩૪૬૧ |
| વરીયાળી | ૮૦૧ | ૨૨૪૧ |
| ધાણા | ૧૭૦૧ | ૨૭૫૧ |
| મરચા સૂકા પટ્ટો | ૨૦૦૧ | ૭૮૦૧ |
| લસણ સુકું | ૬૯૧ | ૧૫૪૧ |
| ડુંગળી લાલ | ૪૬ | ૨૫૬ |
| અડદ | ૧૧૦૦ | ૧૪૭૧ |
| તુવેર | ૭૦૦ | ૧૫૭૧ |
| રાયડો | ૮૩૧ | ૧૦૯૧ |
| રાય | ૧૧૩૧ | ૧૧૮૧ |
| મેથી | ૮૧૧ | ૧૭૬૧ |
| કાંગ | ૪૪૧ | ૫૧૧ |
| સુરજમુખી | ૮૫૧ | ૮૫૧ |
| મરચા | ૧૯૦૧ | ૬૧૦૧ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૬૫૧ |
| સફેદ ચણા | ૧૦૦૧ | ૧૮૦૧ |
| તલ - તલી | ૧૨૦૦ | ૨૦૭૧ |
| ધાણી | ૧૮૦૧ | ૩૦૦૧ |
| મરચા સૂકા ઘોલર | ૫૬૦૧ | ૬૭૦૧ |
| ડુંગળી સફેદ | ૧૮૦ | ૨૬૪ |
| બાજરો | ૩૪૧ | ૩૮૧ |
| જુવાર | ૪૫૧ | ૭૯૧ |
| મકાઇ | ૨૨૧ | ૪૪૧ |
| મગ | ૧૦૬૧ | ૧૯૮૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૭૧ |
| વાલ | ૫૦૧ | ૧૦૨૧ |
| ચોળા / ચોળી | ૫૧૧ | ૧૦૬૧ |
| સોયાબીન | ૯૫૧ | ૧૨૦૬ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૨૮૧ |
| વટાણા | ૫૦૦ | ૧૦૨૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૧૪૦ | ૫૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૩૦૦ |
| ગુવાર | ૧૬૦ | ૮૦૦ |
| કોબી | ૪૦ | ૪૦૦ |
| દુધી | ૬૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૫૦ | ૩૪૦ |
| કાકડી | ૮૦ | ૫૦૦ |
| રીંગણા | ૬૦ | ૩૦૦ |
| ભીંડો | ૪૦ | ૬૦૦ |
| ગલકા | ૧૦૦ | ૪૦૦ |
| ગાજર | ૧૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૭૦૦ |
| વાલ | ૨૦૦ | ૧૬૦૦ |
| વટાણા | ૨૦૦ | ૪૦૦૦ |
| શક્કરીયા | ૧૮૦ | ૩૦૦ |
| કેરી કાચી | ૧૮૦ | ૧૦૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૫૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૦ |
| કોથમીર પુરા | ૧ | ૮ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| આંબલી | ૩૦૦ | ૪૦૦ |
| પચકારુ | ૩૦૦ | ૫૦૦ |
| ગુંદા | ૩૦૦ | ૪૦૦ |
| ઘીસોડા | ૧૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૩૬૦૦ |
| મેથી પુરા | ૫ | ૧૨ |
| બીટ પુરા | ૩ | ૨૦ |
| સરગવો પુરા | ૧૫ | ૨૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૬૦૦ |
| વાલોર | ૨૦૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૮૦૦ | ૯૦૦ |
| કાચા પોપૈયા | ૨૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૨૦૦ |
| ફણશી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| મકાઈ ડોડા | ૧૬૦ | ૩૦૦ |
| પાલક પુરા | ૧ | ૫ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૪૬૦ | ૧૫૮૦ |
| શિંગ મોટી | ૧૦૯૫ | ૧૫૧૫ |
| શિંગ દાણા | ૧૫૩૫ | ૧૮૨૫ |
| શિંગદાણા ફાડા | ૧૫૭૦ | ૧૮૩૫ |
| તલ સફેદ | ૧૬૬૫ | ૨૩૮૦ |
| તલ કાળા | ૧૪૩૦ | ૩૬૭૦ |
| જુવાર | ૫૨૦ | ૮૨૫ |
| ઘઉં ટુકડા | ૪૧૫ | ૬૦૫ |
| ઘઉં લોકવન | ૪૩૫ | ૫૦૦ |
| મકાઈ | ૪૧૦ | ૪૧૦ |
| મગ | ૧૦૭૦ | ૧૦૭૦ |
| ચણા | ૮૫૦ | ૧૦૬૦ |
| ચણા દેશી | ૯૫૫ | ૧૦૨૫ |
| સફેદ ચણા | ૧૦૦૦ | ૧૧૭૦ |
| છોલે ચણા | ૧૩૮૦ | ૧૫૫૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૫૦ |
| કપાસ | ૯૪૦ | ૧૮૯૦ |
| એરંડા | ૧૦૪૦ | ૧૨૩૫ |
| જીરૂ | ૩૪૯૦ | ૩૮૫૦ |
| રાય | ૧૧૫૦ | ૧૩૪૦ |
| ધાણા | ૨૩૯૦ | ૨૪૫૦ |
| ધાણી | ૧૮૭૫ | ૨૪૮૦ |
| અજમા | ૧૬૦૦ | ૧૮૩૫ |
| મેથી | ૧૦૧૦ | ૧૨૪૦ |
| સોયાબીન | ૧૨૦૫ | ૧૨૧૦ |
| મરચા લાંબા | ૧૫૧૦ | ૫૫૧૦ |
| વરીયાળી | ૧૬૫૦ | ૧૬૫૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૧૨૦ | ૨૪૦ |
| રીંગણા | ૪૦૦ | ૬૦૦ |
| ફુલાવર | ૨૨૦ | ૩૧૦ |
| કોબીજ | ૧૬૦ | ૨૦૦ |
| શક્કરિયા | ૩૬૦ | ૪૦૦ |
| ટમેટા | ૩૦૦ | ૩૨૦ |
| સુરણ | ૮૨૦ | ૯૩૦ |
| ગાજર | ૩૨૦ | ૪૫૦ |
| દૂધી | ૧૧૦ | ૧૪૦ |
| કારેલા | ૪૦૦ | ૫૦૦ |
| ગલકા | ૧૪૦ | ૨૧૦ |
| ગુંદા | ૩૬૦ | ૫૫૦ |
| કાકડી | ૨૦૦ | ૨૫૦ |
| ગુવાર | ૩૧૦ | ૪૧૦ |
| કાચીકેરી | ૪૩૦ | ૯૦૦ |
| વટાણા | ૧૮૦૦ | ૧૯૦૦ |
| ચોળા લીલાં | ૩૩૦ | ૪૧૦ |
| તુરીયા | ૨૧૦ | ૩૨૦ |
| ગરમર | ૭૦૦ | ૮૦૦ |
| પાકીકેરી | ૧૨૦૦ | ૨૫૦૦ |
| ભીંડો | ૨૨૦ | ૩૦૦ |
| આદુ | ૧૧૩૦ | ૧૨૬૦ |
| કોથમીર | ૫૦૦ | ૬૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૮૦૦ |
| ફુદીનો | ૩૦૦ | ૪૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| સરગવો | ૨૬૦ | ૩૮૦ |
| લીમડો મીઠો | ૧૬૦ | ૨૦૦ |
| મરચા લીલા | ૫૮૦ | ૧૧૯૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૩૦૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૨૫૩૦ |
| લસણ સૂકું | ૧૦૦૦ | ૧૯૫૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૩૦૦૦ |
| મકાઇ | ૨૫૦ | ૩૦૦ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૬૧૦ | ૧૮૨૨ |
| કપાસ મીડીયમ | ૧૪૪૦ | ૧૫૯૫ |
| મગફળી | ૧૨૨૫ | ૧૪૮૫ |
| જીરૂ | ૩૧૩૫ | ૩૯૯૫ |
| ચણા | ૧૦૧૫ | ૧૦૬૫ |
| ઘઉં | ૪૬૫ | ૫૨૫ |
| એરંડા | ૧૦૩૫ | ૧૧૯૫ |
| તુવેર | ૧૧૬૫ | ૧૪૦૫ |

**ધારી**

| | | |
|---|---|---|
| મગફળી | ૧૧૪૦ | ૧૨૧૫ |
| ઘઉં | ૪૪૦ | ૪૪૪ |
| ચણા | ૧૦૦૧ | ૧૦૫૭ |
| તુવેર | ૧૨૦૦ | ૧૨૯૦ |
| ધાણા | ૨૪૪૦ | ૨૫૪૦ |
| કલોંજી | ૨૧૦૦ | ૩૩૨૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૨૮૯ |
| બાજરી હાઈબ્રીડ | ૩૩૫ | ૫૩૬ |
| ઘઉં ટુકડા | ૪૧૧ | ૪૯૧ |
| રાય | ૧૨૫૦ | ૧૩૫૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૨૦૫ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૫૦ |
| જુવાર | ૭૦૦ | ૮૪૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૬૩૫ |
| મગ | ૧૧૦૦ | ૨૦૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૫૩ |
| તલ સફેદ | ૧૩૫૦ | ૧૮૨૦ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૩૩૫ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૬૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૪૮૦ |
| ઘઉં લોકવન | ૩૯૦ | ૪૪૦ |
| ઘઉં ટુકડા | ૪૩૨ | ૪૬૧ |
| ચણા | ૯૭૦ | ૧૦૪૧ |
| ધાણા | ૨૩૨૫ | ૨૪૧૫ |
| એરંડી | ૧૧૬૭ | ૧૧૬૭ |
| તુવેર | ૯૦૦ | ૧૨૪૫ |
| તલ સફેદ | ૧૯૦૫ | ૧૯૦૫ |
| મગફળી | ૯૪૫ | ૧૧૭૫ |
| મેથી | ૯૬૦ | ૯૬૦ |
| સોયાબીન | ૧૦૦ | ૧૧૫૦ |
| ધાણી | ૨૪૦૦ | ૨૪૦૦ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૮૨૧ |
| ઘઉં | ૪૦૧ | ૪૯૧ |
| ચણા | ૮૦૧ | ૧૦૫૬ |
| તુવેર | ૭૫૧ | ૧૪૯૬ |
| મગફળી | ૭૦૧ | ૧૪૪૬ |
| શિંગફાડા | ૧૩૦૧ | ૧૭૦૧ |
| તલ સફેદ | ૧૧૦૧ | ૧૯૦૧ |
| મેથી | ૫૦૧ | ૧૧૦૧ |
| જીરૂ | ૨૦૦૧ | ૩૯૯૧ |
| ધાણા | ૧૨૦૧ | ૨૫૨૧ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શિંગ-જીણી | ૧૩૦૦ | ૧૪૫૨ |
| શિંગ મોટી | ૧૩૫૦ | ૧૪૯૦ |
| શિંગ ઉનાળુ | ૧૪૦૦ | ૧૪૪૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૧૫૮ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૪૪૫ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૦૦૦ |
| કપાસ | ૧૪૭૫ | ૧૮૨૦ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૧૯૦ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૧૦ |
| બાજરો | ૪૫૦ | ૫૫૦ |
| જુવાર | ૬૦૦ | ૮૬૦ |
| મગ | ૧૩૫૦ | ---- |
| ચણા | ૧૦૩૦ | ૧૦૭૫ |
| દેશી ચણા | ૧૦૨૦ | ૧૦૯૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૨૧ |
| એરંડી | ૧૧૮૦ | ૧૨૩૮ |
| મેથી | ૧૨૫૦ | ૧૩૫૦ |
| રાય/રાયડો | ---- | ૧૩૫૦ |
| ધાણા | ૨૧૦૦ | ૨૪૦૦ |

**મહુવા**

| | | |
|---|---|---|
| એરંડા | ૧૨૫૪ | ૧૨૫૮ |
| જુવાર | ૩૬૧ | ૮૯૭ |
| બાજરી | ૩૨૧ | ૫૩૧ |
| ઘઉં ટુકડા | ૪૩૬ | ૫૫૫ |
| અડદ | ૬૪૦ | ૧૭૨૬ |
| મગ | ૫૩૦ | ૧૭૬૩ |
| મેથી | ૧૧૨૫ | ૧૨૪૫ |
| ચણા | ૯૫૦ | ૧૦૫૮ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૨૯૩ |
| તલ કાળા | ૧૮૫૦ | ૩૧૯૦ |
| તુવેર | ૬૭૦ | ૧૩૦૦ |
| જીરૂ | ૩૩૯૦ | ૩૩૯૦ |
| ડુંગળી લાલ | ૬૦ | ૨૮૯ |
| ડુંગળી સફેદ | ૧૬૦ | ૨૬૧ |
| નાળીયેર | ૨૭૦ | ૨૮૦૦ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૧૨૩૦ | ૧૨૬૦ |
| તલ સફેદ | ૨૫૭૬ | ૨૫૭૬ |
| તલ કાળા | ૨૨૫૦ | ૩૫૨૧ |
| કપાસ | ૧૦૦૦ | ૧૭૯૦ |
| બાજરો | ૩૦૦ | ૫૨૧ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૪૬૧ |
| જુવાર | ૫૦૦ | ૯૭૦ |
| મગ | ૮૦૦ | ૮૦૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૩૫૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૪૬ |
| એરંડી | ૧૧૫૦ | ૧૧૫૦ |
| સોયાબીન | ૮૦૦ | ૧૧૪૧ |
| રાય | ૧૧૦૦ | ૧૧૦૦ |

## પહલગામથી લઈ ટીસીએસઃ જિહાદનું સ્વરૂપ બદલાયું છે

વિચાર વલોણું



જયવંત પંડ્યા

હમણાં પહલગામ આક્રમણની વરસી ગઈ. ૨૫ હિન્દુઓ અને એક ખ્રિસ્તીને પંથ પૂછીને કલમા ન આવડે તો મારી નખાયા. એક હિન્દુ પ્રાધ્યાપકને કલમા આવડતો હતો, તેમને છોડી મૂકાયા. આ ત્રાસવાદી કૃત્ય છે. બરાબર?

ત્રાસવાદી સંગઠનો પાકિસ્તાનના આશ્રય પર જન્મ્યાં, મોટાં થયાં અને કાશ્મીરથી લઈને હૈદરાબાદ સુધી ત્રાસવાદ ફેલાવ્યો. લોકોને રસ્તે જતાં, ટ્રેનમાં જતાં, બસમાં બેસતાં, ફફડાટ રહેતો હતો. ૧૫ ઑગસ્ટ, ૨૬ જાન્યુઆરી અને દિવાળી જેવા હિન્દુ તહેવારો પર કેન્દ્રીય સુરક્ષા સંસ્થાઓ ઉચક જીવે રહેતી હતી. આ બધું એકંદરે બંધ થયું. જોકે પહલગામ ત્રાસવાદી આક્રમણ અને લાલ કિલ્લા પાસે કાર વિસ્ફોટ થયા છે. આ બધું ભારતની બહારથી થતું આવ્યું છે.

પરંતુ ભારતની અંદર અલગ-અલગ સ્વરૂપે સુરતના જિમ, ટીસીએસ, અમરાવતી, એનજીઓ, લેન્સકાર્ટ, ઍર ઇન્ડિયામાં જે થઈ રહ્યું છે તેને શું કહેશો? ત્રાસવાદી સંગઠનો પર તડાપીટ બોલાવાય છે. ગત ૭ એપ્રિલે જ પંજાબમાં આઈએસઆઈ સમર્થિત ત્રાસવાદી મૉડ્યૂલનો ભંડાફોડ કરાયો છે, ત્રણની ધરપકડ કરાઈ છે. આ થઈ અગમચેતી. ઘટના થાય તે પહેલાં જ તેને રોકવી.

તો પછી અગાઉ જે અલગ-અલગ ઘટનાઓ કહી તેવા પ્રકારની ઘટનાઓ રોકવા અગમચેતી રૂપે શું કરવું જોઈએ. કેમ કે આ જે ઘટનાઓ બની તેમાં સાહસપૂર્વક બહાર આવવું ખૂબ જ કઠિન છે.

સુરતમાં મુસ્લિમ જિમ ટ્રેનર શબ્બીર ટ્રંકવાલાએ પરિણીત મહિલાને ફસાવીને તેને બ્લેકમેઈલ કરી રૂ. પાંચ લાખની ખંડણી માગી હતી. પોલીસે તાત્કાલિક ધરપકડ કરાવી. પરંતુ આવું કેટલા કેસમાં થતું હશે? બ્લેકમેઈલ થનારી યુવતીની તસવીરો અને વિડિયો કે ચેટ મેસેજ વગેરે વાઈરલ કરવાની ધમકી આપી પરિણીત હોય કે ન હોય તો તેને સમાજમાં મોઢું ન દેખાડી શકે તેવું કરી દેવાનો ભય ખૂબ જ વ્યાપક હોય છે.

ટાટા ગ્રૂપની તનિષ્કની જાહેરખબરમાં તો ઍડ. જિહાદ દેખાઈ હતી. હિન્દુ યુવતી મુસ્લિમ યુવકને પરણીને ગર્ભવતી છે અને તેની મુસ્લિમ સાસુ તેની કેવી દેખરેખ રાખે છે, ખોળો ભરવાની વિધિ કરાવે છે તે બતાવાયું હતું. આવું સર્ફની હોળી પરની એક જાહેરખબરમાં પણ દેખાડાયું હતું જેમાં હિન્દુ છોકરી મુસ્લિમ છોકરાને નમાજ કરવા જતી વખતે હોળીના રંગ ન ઊડે (કેમ જાણે એ રંગ ઊડે તો અભડાઈ જવાનો હોય) તેનાથી બચાવતી દેખાડાઈ હતી. ટાટાની તનિષ્ક પછી હવે આઈટી ક્ષેત્રની ટાટા કન્સલ્ટન્સીની નાશિક ખાતેની બીપીઓ વિવાદમાં સપડાઈ છે.

અહીં એચ. આર. મેનેજર નિદા ખાનની કૃપા દૃષ્ટિથી મુસ્લિમ યુવકો સેક્સ જિહાદ કરતા હતા. એચ. આર. મેનેજર જેવા પદે હોય એટલે કંપનીમાં નોકરીએ કોને રાખવા, કોને કેટલો પગાર આપવો, કોનું કેવું પર્ફોર્મન્સ છે, કોને કેટલી પગારવૃદ્ધિ આપવી વગેરે તેના હાથમાં હોય છે. નિદા ખાન આ પદનો બરાબર (ગેર) ફાયદો ઊઠાવતી હતી. આ કંપનીમાં ૨૩ વર્ષની દલિત યુવતી ભોગ બની. દાનિશ શૈખે તેની સાથે શારીરિક સંબંધો બનાવી તેને લક્ષ્ય બનાવી. તે પછી તેના સાથી મુસ્લિમ કર્મચારી તૌસીફ અખ્તરે પણ તેની સાથે શારીરિક સંબંધ બનાવવા દબાણ કર્યું અને પેન્ટ્રીમાં અણછાજતી ચેષ્ટાઓ કરી.



આ વાત મહારાષ્ટ્ર પોલીસ સુધી પહોંચી એટલે તેણે છૂપા વેશે મહિલા પોલીસ એમાં ઘૂસી. આવડી મોટી કંપનીમાં દાખલ થવું હોય તો નોકરી માટે અરજી કરવી પડે, ઈન્ટરવ્યૂ આપવા પડે અને જ્યાં આવી ખંધી નિદા ખાન જેવી મુસ્લિમ એચ. આર. મેનેજર બેઠી હોય ત્યાં એ શક્ય કેવી રીતે બને? પણ પોલીસની ચાલાકી અને વીરતાને વંદન કરવા જોઈએ. તેઓ ગઈ અને પોતાની સગી આંખે જોયું. તે પછી વધુ યુવતીઓ ફરિયાદ કરવા આગળ આવી. કુલ નવ એફઆઈઆર નોંધાઈ છે. ટીસીએસમાં ૨૦૨૧થી ૨૦૨૬ સુધી આ બધું ચાલતું હતું. બીજી બ્રાન્ચોમાં પણ નહીં ચાલતું હોય તેની કોઈ ખાતરી ખરી?

પણ વિચાર કરો, કે ટીસીએસ જેવી મોટી કંપની- ટાટા ગ્રૂપની કંપની પર હાથ નાખવો એટલે આગ સાથે રમત. આ દેશમાં અગાઉ કૉંગ્રેસની સરકારો ટાટા-બિડલાની સરકાર કહેવાતી હતી. રતન તાતા અને ટાટા ગ્રૂપની અત્યાર સુધી ઈમેજ પણ એવી મજબૂત. તાતા પરિવારનો સ્વતંત્રતા પૂર્વેથી ઈતિહાસ દેશભક્તિનો. જોકે ટુ-જી સ્પેક્ટ્રમ કૌભાંડમાં પત્રકાર બરખા દત્ત-નીરા રાડિયાની ઑડિયો ટેપ લીક થયેલી તેમાં જે વાતો હતી તેનાથી રતન તાતાની છબિ મોટા પાયે ખરડાઈ હતી. પરંતુ ગુજરાત મૉડલને ગુજરાત મૉડલ બનાવવામાં સૌ પ્રથમ ફાળો રતન તાતાનો હતો જેઓ મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીના એક રૂપિયાના એક એસએમએસ પર આવ્યા અને નેનો કારનો પ્લાન્ટ નાખવા તૈયાર થયા. તે પછી ગુજરાતમાં બીજી કાર કંપનીઓ પણ આવી અને ગુજરાત ઑટો કેન્દ્ર બન્યું.

આવા ઔદ્યોગિક ગૃહની કંપનીમાં આવી ફરિયાદ મળે તો કંપનીની પ્રતિષ્ઠાને અસર પડે. એમ છતાં મહારાષ્ટ્ર પોલીસે પીડિતાઓને ન્યાય મળે તેની દિશામાં વંદનીય કામ કર્યું છે. ત્યાં કામ કરતી બીજી યુવતીઓ પણ હવે સજાગ રહેશે.

કંપનીમાં નિદા ખાન પોતે પણ હિન્દુ યુવતીઓને ઈસ્લામિક ડ્રેસ એટલે કે હિજાબ, બુરખા પહેરવા સતત દબાણ કરતી હતી અને હિન્દુ દેવી-દેવતાઓ વિશે અણછાજતી ટીપ્પણી કરતી હતી. એફઆઈઆર પ્રમાણે, નિદા ખાન અને તૌસીફે એવું કહ્યું હતું કે શિવલિંગ તો પુરુષનું ગુપ્તાંગ છે. તેની પૂજા કરવી એ અશ્લીલતા છે. દાનિશ શૈખે શ્રી કૃષ્ણ અને દ્રૌપદી વિશે વાંધાજનક ટીપ્પણી કરી હતી.

દાનિશ પરણેલો હતો. છતાં આવાં કાળાં કામ કરતો હતો. નવ આરોપીઓમાં સાત પુરુષો ઉપરાંત બે મહિલાઓ પણ છે. એટલે કે મુસ્લિમ મહિલાઓ પણ જિહાદમાં જોડાયેલી હોય છે. ગત માર્ચમાં મધ્ય પ્રદેશના ગુનામાં બ્યુટી પાર્લરમાં કામ શીખવવાના બહાને યાસ્મીન ખાને તેના પતિ શરીફ ખાનને ૨૨ વર્ષની યુવતી ધરી દીધી હતી અને તેના પર વારંવાર બળાત્કાર કરાવ્યો હતો. પહેલી વાર યાસ્મીને પીડિતાને ઘરે બોલાવી ત્યારે તે પોતે ઘરે ન હોતી અને પતિ શરીફ ખાન જ હતો. શરીફ ખાને ત્યારે બળાત્કાર કર્યો. પીડિતાએ યાસ્મીનને વાત કરી ત્યારે તેણે તેનો સ્વર દબાવી દીધો. તે પછી પણ તે યુવતીને વારંવાર ઘરે બોલાવતી હતી. અને યાસ્મીન તેને શરીફ ખાનને સોંપી દેતી. શરીફ ખાન રૂમમાં બળાત્કાર કરતો અને યાસ્મીન બહાર ઊભી રહેતી.

ટીસીએસના કિસ્સામાં પણ નિદા ખાને તેને ૭૮ જેટલા ઈ-મેઈલ અને ચેટ સંદેશાઓ મળ્યા હતા તેને પોતાના સિનિયરને ન મોકલ્યા. નિદા ખાન પોતે પૉશ કમિટીમાં હતી. ધારત તો પગલાં લઈ શકત, પરંતુ અહીં પોતે જ યુવતીઓને પંથાંતરિત અને તેમ ન થાય તો ચારિત્ર્યભ્રષ્ટ કરવા બેઠી હોય ત્યાં પગલાં ક્યાંથી લે?

કેટલાક જિહાદીપ્રેમી કલમઘસુ અને 'ઇન્ડિયન ઍક્સ્પ્રેસ' જેવા ત્રાસવાદી પ્રેમી (યાકૂબ મેમણને ફાંસી દેવાઈ ત્યારે તેનું હેડિંગ હતુંઃ ઍન્ડ ધે હેંગ્ડ યાકૂબ મેમણ. જાણે નિર્દોષની હત્યા કરી હોય તે પ્રકારનું હેડિંગ.) સમાચારપત્ર ટીસીએસના જિહાદીપ્રેમીઓના બચાવમાં આવ્યા. કલમઘસુઓએ એવી દલીલ કરી કે યુવતી પોતાની ઈચ્છાથી જાય તો એમાં કોઈ શું કરી શકે? તેમના પર દબાણ કેવી રીતે થઈ શકે? આ તો અંતઃસ્ત્રાવ ઊછાળા મારતા હોય અને ઘરમાં પ્રતિબંધો મૂકાયા હોય એટલે આવું થાય. અરે લીલા ચશ્માધારી! ઘરમાં પ્રતિબંધો હોય ને તો બહાર મોકલે જ નહીં ને મોકલે તો પૂરેપૂરાં અંગો ઢંકાય તેવાં કપડાંમાં મોકલે. કેવી વાતો કરે છે અને જિહાદીઓને બચાવવા આવા લોકો કવર ફાયર આપવા આવી જાય છે.

મૂળે તો એક કારણ એ પણ ખરું કે આવા કલમઘસુઓ સેક્સના ગલગલિયા થાય તેવા લેખો લખી, સૉશિયલ મીડિયા પર સતસવીર પૉસ્ટ મૂકી, કોઈ યુવતી અંગપ્રદર્શન કે સમાજના પ્રવાહ વિરુધ્ધનું કાર્ય કરે તો તેને બૉલ્ડ પગલાં તરીકે બિરદાવી, તેમજ ફિલ્મવાળાઓ એવાં પ્રેમલા પ્રેમલીઓનાં દશ્યો- મૈં તૂઝ કો ભગા લાયા હૂં તેરે ઘર સે, 'દિલ હૈ કિ માનતા નહીં'માં તો પિતા પોતે પણ સંમત હોય તોય દીકરી પૂજાને કહે, ભાગ જા પૂજા બેટી ભાગ જા તેવું બતાવે, માતાપિતાને દીકરા-દીકરીનાં શત્રુ તરીકે ચિતરવામાં આવે, ટીવી ધારાવાહિકોમાં પણ આ જ કથા સાથે હિન્દુ યુવતીઓને સેક્સ માટે તૈયાર કરી દે છે.

પાછા આવા કલમઘસુ એવી દલીલ કરે કે છોકરીઓને તો ગુંડા જેવા બૅડ ગાય્ઝ જ ગમે. સારા છોકરા ન ગમે. એવું હોય તો સારા છોકરાઓનાં, સારું કમાતાધમાતા છોકરાઓનાં લગ્ન જ ન થતાં હોત. એ વાત સાચી કે કાચી વયે શાળા-કૉલેજમાં ભણતી છોકરીઓ આવા સ્ટંટબાજ લુખ્ખા મુસ્લિમ યુવકોના પ્રેમમાં લપસી જાય. કોઈ પરિણીત મહિલા જિમ ટ્રેનરની જાળમાં આવી જાય. પરંતુ બધી પીડિતાઓ એવી નથી હોતી.

આ જ કલમઘસુઓ જ્યારે હિન્દુ અપરાધી દ્વારા બળાત્કારની વાત આવે ત્યારે એમ કહે કે કપડાંને ને બળાત્કારને કોઈ લેવાદેવા નથી. બળાત્કારનો દોષ છોકરીઓ પર ન નાખવો જોઈએ. પરંતુ જ્યારે આરોપી જિહાદી હોય ત્યારે છોકરીઓના અંતઃસ્ત્રાવને ઉત્તરદાયી ગણાવવાના!

'ઇન્ડિયન ઍક્સ્પ્રેસે' તો એવો અહેવાલ આપ્યો કે ૨૩ વર્ષની દલિત યુવતીને દાનિશ શૈખ સાથે લફરું હતું અને બંને વચ્ચે સંબંધ તૂટી ગયા. તેના કારણે ઉલટું દાનિશનો ભર્યાભાદર્યા પરિવારનો માળો વિખેરાઈ ગયો. અપરાધીની સામે કાર્યવાહી થાય ત્યારે તેના પરિવારને નિર્દોષ તરીકે બતાવીને અપરાધી પ્રત્યે સહાનુભૂતિ ઊભી કરવાની સેક્યુલરોની આ જૂની રીત છે.

કેટલાક લોકો એમ પણ કહેતા હોય છે કે આજની યુવતીઓને બધી જ ખબર પડતી હોય છે. તેઓ સ્વેચ્છાએ જતી હોય છે. પરંતુ અહીં વાત શારીરિક સંબંધ કે પ્રેમસંબંધની નથી. અહીં લગ્ન, નોકરીમાં પ્રમોશનની લાલચની પણ નથી. અહીં વાત એ છે કે મુસ્લિમ યુવકો મુસ્લિમ યુવતીઓની મદદથી હિન્દુ યુવતીઓને જાળમાં ફસાવે છે. દબાણ કરે છે અને પછી તેનું પંથાંતરણ કરે છે.

ટીસીએસમાં તો હિન્દુ યુવકને પણ પંથાંતરણ માટે દબાણ કરાતું હતું તેવું નિવેદન તેણે આપ્યું છે. તેણે કહ્યું કે તેને લગ્નનાં વર્ષો પછી પણ સંતાન ન થતાં એમ કહેવાતું હતું કે "તારી પત્નીને મારી પાસે મોકલી દે. હું માતા બનાવી દઈશ." જ્યારે તેના પિતાને પેરાલિસિસ થયો ત્યારે તેને કહેવામાં આવ્યું કે જો તે મુસ્લિમ બની જશે તો તેના પિતા બચી જશે. આ અંગે આ બુધ્ધિજીવીઓ શું બચાવ કરશે?

એક પુરુષ સાક્ષીએ એમ કહ્યું કે આરોપીઓ એમ કહેતા હતા કે "જાવ, હિન્દુ યુવતીઓને તમારી ગર્લફ્રેન્ડ બનાવો અને પરણો. તેમને મુસ્લિમ બનાવો." સાક્ષીના કહેવા પ્રમાણે, આ આરોપીઓને નાણાં પણ મળતાં હતાં. એચ. આર. મેનેજરને પણ નાણાં મળતાં હતાં.

અમરાવતીમાં અયાન અહમદ તનવીર નામના ૧૯ વર્ષનો લબરમૂછિયા મુસ્લિમ યુવકે સોથી વધુ યુવતીઓ, જેમાં સગીરા પણ હતી, તેમને ફસાવી તેમની સાથે અંગત પળોના ૩૫૦થી વધુ વિડિયો બનાવ્યા હતા. યુકેમાં મુસ્લિમોની ગ્રૂમિંગ ગૅંગ કામ કરે છે તેમ અયાન અને ઉઝેર સૉશિયલ મીડિયા દ્વારા યુવતીઓની સાથે ચેટ કરી મિત્રતા કેળવતા હતા અને પછી જાળમાં ફસાવતા. કેટલાક વાંકદેખુઓ એમ કહેશે કે યુવતીઓ જાળમાં ફસાય છે શું કામ? યુવતીઓને ઘણી વાર ખબર નથી હોતી કે સામેની વ્યક્તિ હિન્દુ નથી. આ લોકો એટલી તૈયારી સાથે આવે છે. અજમલ કસાબ પકડાયો ન હોત તો આક્રાંતાઓને હિન્દુ ત્રાસવાદીઓમાં ખપાવવા પૂરી યોજના હતી.

નાગપુરમાં બાળકો માટે કામ કરતા એક એનજીઓ 'યુનિવર્સલ મલ્ટિપર્પઝ સૉસાયટી'ના રિયાઝ ફાઝીલ કાઝીએ પણ અનેક યુવતીઓનું જાતીય શોષણ કર્યું અને તેમના પર પંથાંતરણ માટે દબાણ કર્યું હોવાનો આરોપ છે.

બીજી તરફ, પીયૂષ બંસલની લેન્સકાર્ટમાં મુસ્લિમ યુવતી બુરખો પહેરી શકે, પણ હિન્દુ યુવતી કે યુવક ચાંદલો કે તિલક કરીને ન આવી શકે તેવા નિયમો બનાવાયા હતા. તો હવે ટાટા સમૂહની ઍર ઇન્ડિયામાં પણ આવા નિયમો હોવાનો વિવાદ બહાર આવ્યો છે. કહેવાનો અર્થ એ છે કે જિહાદીઓ તો આવું કરે પરંતુ કૉર્પોરેટ ગૃહોમાં હિન્દુઓ માટે ખોળ અને મુસ્લિમો માટે ગોળનો નિયમ કેમ?

અને જેમ ત્રાસવાદને રોકવા માટે પહેલેથી આગોતરા પગલાં લેવાય છે તેમ હિન્દુ યુવતીઓ ચારિત્ર્યભ્રષ્ટ થઈ પોતાનું અમૂલ્ય જીવન ન બગાડી બેસે તે માટે કેમ કોઈ પગલાં લેવાતાં નથી? કોઈ કહેશે કે એમાં કેવાં પગલાં લઈ શકાય? તો ડિજિટલ એરેસ્ટથી બચાવવા જાહેરાતોનો કેટલો મારો કરાય છે? કોરોના સમયે કોરાનાથી બચવા જાહેરાતોનો કેટલો મારો કરાતો હતો? તો પછી સરકારે આ પ્રકારની જિહાદથી બચવા ઓછામાં ઓછું, જાગૃતિ અભિયાનો ચલાવવા જોઈએ. બોલકણી, પાણીપુરી ખાતી-ખવડાવતી ફેમિનિસ્ટ મહિલા સંસ્થાઓ કેમ આ બાબતે જાગૃતિ અભિયાનો ચલાવતી નથી? ટીસીએસની પીડિતા દલિત છે. તો દલિત સંગઠનો કેમ ચૂપ છે?

ચૂંટણી સમયે ટિકિટ માગવા માટે સંમેલનો કરી રાજકીય પક્ષો પર દબાણ લાવતાં સામાજિક સંગઠનો કેમ પોતાના સમાજની યુવતીઓનું કાઉન્સેલિંગ કરાવતા? હિન્દુ સંગઠનો કેમ મોટા પાયે શિબિરો રાખતાં? જ્યારે આવી ઘટના બને ત્યારે હિન્દુ સંગઠનો સિવાય બીજા બધા લોકો કેમ મોઢામાં મગ ભરી બેસી જાય છે? કથાકારો કેમ અલી મૌલા કરીને સંતોષ માની લે છે? સાહસ હોય તો એમને કહો ને કે આવા ધંધા બંધ કરે. ■

jaywant.pandya@gmail.com

**કૉંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે કેરળની ચૂંટણી પ્રચારમાં ગુજરાતીઓને અભણ હોવાનો ટોણો માર્યો. કેરળમાં નોક્કુ કૂલીની પ્રથા છે. ભણેલા ગણેલા કેરળમાં માનવ બલિ અપાય છે. આઈ.એસ. આઈ.એસ.માં ભરતી થતા ત્રાસવાદીઓ પણ સૌથી વધુ આ રાજ્યમાંથી જાય છે. મહિલાઓ સામેના અપરાધમાં કેરળ બીજા ક્રમે છે.**

## મૌન - ચુપ સમ ઔષધ નાહિ.....

રાજકીય રસધાર



પ્રવીણ માધાણી

આપણા પૌરાણિક ભજનોમાં ભક્ત માટે મન, કર્મ અને વાણીથી નિર્મળ રહેવાનો ઉપદેશ ગવાયો છે. મૌન બીના સુખ નાહી.... બોલનહારા કભી નહિ સુખિયા... ચુપ સમ ઔષધ નાહી... મૌન એ યોગ છે. સંયમની કસોટી છે. યોગ અને સંયમ આપણે સાધુઓને હવાલે મૂકી દીધા છે. યોગી સંબોધન આપણે સાધુઓ માટે કરીએ છીએ. મૌન એ માત્ર જીભ બત્રીસી વચ્ચે ઘાલી રાખવી માત્ર નથી. મૌન એ વાણીનો ઉપવાસ છે. જેમ ભોજનનો ઉપવાસ કરવાથી પાચનતંત્રને આરામ મળે છે, અન્નનળી અને હોજરી જેવા અવયવોની કાર્યક્ષમતા બરકરાર રહે છે અને સુધરે છે એમ મૌનથી મન, ચિત અને અંતરાત્માને આરામ મળે છે અને તેની શક્તિ વધે છે. ગાંધીજી અઠવાડિયામાં એક દિવસ મૌન રાખતા. ભારતના ભાગલા અંગે માઉન્ટબેટન સાથે ચર્ચા કરવા ગયેલા ત્યારે પણ બાપુએ મૌન નહોતું તોડ્યું. વિવેચકોએ અને ઘણા ઈતિહાસકારોએ નોંધ્યું છે કે ગાંધીજીનું ત્યારનું ભારતની પ્રજાના પ્રતિનિધિ તરીકેનું મૌન મોંઘુ પડ્યું છે. માઉન્ટબેટને પણ ગાંધીજીનું મૌન હોવાથી ચિઠ્ઠી ચબરખીની રાહે ચર્ચા થવાની હોવાથી રાહતનો શ્વાસ લીધેલો. એ જાણતા હતા કે દલીલોમાં એ ડોસાને હરાવવા મુશ્કેલ હતા.

રાજકીય જીવનમાં સારી વકતૃત્વ શક્તિ એક મહત્વની જરૂરિયાત અને ગુણ છે. બોલીને બોર વેચવાનો આ વ્યવસાય છે જ્યાં અસ્ખલિત વાક્પ્રવાહની મોહિની પ્રજા પર કામદેવ સમ ભૂરકી છાંટી રાખે છે. સભા મંડપમાં બોલવા માટે ઉભા થતા વક્તાને કિકિયારીથી વધાવતા પ્રેક્ષકો, દર્શકો વક્તાનો એવોર્ડ છે, કમાણી છે. જેના સભામંડપો મેદનીથી છલકાતા રહે છે એવા શબ્દોના તાંતણે બાંધી ખેંચી રાખતા નેતાઓની રાજકીય કારકિર્દી લાંબી રહે છે. કારણ કે એ મેદની પછીથી એ નેતા માટે મતદાન માટે પણ લાઈનો લગાવતી રહે છે. બીજી તરફ ઓછું કામ કરતા નેતાઓ સારી જીભને લઈને વૈતરણી તરી જતા હોય છે. જેમ નબળું ઉત્પાદન સારા રેપરથી સજાવીને દુકાનમાં મુકવાથી વેચાય જાય છે એમ અહી સીધો સેલ્સમેનશીપ નો સિધ્ધાંત લાગુ પાડી શકાય કે નબળી પ્રોડક્ટ પણ સારા માર્કેટિંગ થકી વેચી શકાય છે અને તેનું બજાર ટકાવી શકાય છે. સારું કામ કરતા અને સારું બોલતા આમાં અપવાદ છે. એ બ્રાંડ વેલ્યુ પર વેચતા ઉત્પાદન જેવા છે. એ સારું બોલી શકે છે કારણ કે એ સારું કરે છે. કથની અને કરણીમાં ફરક ના હોય ત્યારે સામા છેડાને સમજૂત કરવા માટે જૂઠનો સહારો નથી લેવો પડતો. એમાં તમે જે કરો છો એ બોલી નાખો એટલે સારું જ નીપજે, અને પ્રજાને સારું જ લાગે કારણકે એ મૂળતઃ સારું હોય છે. આમાં કર્કશ શબ્દો પણ મીઠા લાગે છે. ઉપજાવી કાઢીને બોલવા માટે ખોટું બોલવાની કળા હસ્તગત હોવી જોઈએ. ત્રીજો વર્ગ છે એ નાટકમા આવતા વિદુષકની કક્ષાનો છે. એની કરણી કંઈ હોતી નથી. એણે બીજાએ લખી દીધેલ સ્ક્રીપ્ટ વાંચવાની હોય છે. એણે અન્યને ગાળો આપીને કોઈ વર્ગને ખુશ કરવો પડે છે. નાટકના મુખ્ય પાત્રોની જેમ સ્ક્રીપ્ટમા એમનો કશો રોલ લખેલો હોતો નથી. લાઉડ સ્પીકર સામે ઉભા રહીને દર્શકોના મૂડ પ્રમાણે બોલવાનું હોય છે, અને એમનું મનોરંજન કરવાનું હોય છે જેથી રાજનીતિ જેવું ભારે નાટક હળવું બની રહે અને પોતાની દુકાન ચાલતી રહે.

માઈક સામે ઉભા રહીને સામે બેઠેલાઓની સંખ્યા જોઇને કે પોતાની જાતને કે પક્ષને રજુ કરવા માટે કે પક્ષની ઉપલી કેડરની ચાપલુસી કરવા માટે કે સામેવાળાને ઉતારી પાડવા માટે ઘણી વખત ના બોલવાનું બોલાઈ જતું હોય છે. ગુજરાતી ભાષામાં એના માટે જીભ લપસી પડવી જેવું રૂપક વપરાય છે જેને અંગ્રેજીમાં સ્લીપ ઓફ ટંગ કહેવાય છે. વધુ પડતું અને બિન જરૂરી બોલવામાથી બચવું એ વાણીનો સંયમ છે. એ અર્ધમૌનની અવસ્થા છે. અંગ્રેજીમા માઈન્ડ યોર લેન્ગવેજ જેવો વાક્ય પ્રયોગ છે, માઈન્ડ યોર ટંગ નથી. જે સંભાળવાનું છે એ શબ્દો છે. અહી આંધળા માટે સુરદાસ શબ્દ પ્રયોગ કરવાની વાત છે. એક વાક્ય કે શબ્દ કારકિર્દીમાં એવો ડાઘ લગાવી શકે છે જેને ધોવા માટે કોઈ રાજકીય ડીટરજન્ટ ઉપલબ્ધ નથી. અને એક સ્પીચ, વાક્ય કે શબ્દ તમને ઈતિહાસમાં અમર કરી દે છે. તમારા શબ્દોમાં તમે વર્ષો સુધી જીવી શકો છો કારણકે શબ્દોનું આયુષ્ય માણસ કરતા વધારે છે. શબ્દોથી સર્જાયેલા કુરુક્ષેત્ર પછીથી ભગવાન વિષ્ટિકાર બને તો પણ નથી ટાળી શકાતા. બોલેલ શબ્દ કમાન થી છુટેલ તીર છે. એટલે જ તો કહ્યું છે કે ત્રણ ચીજ ક્યારેય પછી નથી આવતી.. તીર કમાનથી, વાણી જીભથી અને સમય હાથથી. ડાહ્યો માણસ જરૂરી હોય એટલું જ બોલે છે. જે નથી બોલવાના એ શબ્દો બોલાય જાય તો એની અસર જાણે છે. જાહેર જીવનમાં કર્મ અને મૌનથી અપાતો જવાબ શાબ્દિક જવાબથી ચડિયાતો છે. આક્ષેપ કરતા સામા પક્ષની સામે તમે કામ કરીને કે મૌન સેવીને એમનો તેજોવધ કરી શકો છો. કામ કરીને સામાવાળાને મૂંગા કરી શકાય છે અથવા તો મૌન રહીને સામેવાળાને માથા પછાડવા માટે મજબૂર કરી શકાય છે. એ માટે અભૂતપૂર્વ સંયમ અને ધૈર્યની જરૂરિયાત રહે છે. ગાળો ખાવાની તૈયારી રાખવી પડે છે. ભસવાનો જવાબ ભસીને આપવાથી બંને પક્ષોની જાતિ એક થઈ જાય છે. પછીથી પ્રજા બંનેમાં કાઈ ફરક કે નસ્લભેદ નથી જોતી. જેની વારેવારે જીભ લપસતી રહે છે એની કારકિર્દી પણ લપસતી રહે છે.

પ્રાંતિક ધારાસભાઓના મતો આવ્યા બાદ ગાંધીજીએ બોલાવેલી બેઠકમાં જવાહરલાલે કોંગ્રેસ પ્રમુખપદ માટે પોતાને જરૂરી મતો નહિ મળવાથી મૌન ધારણ કરી લીધું અને સરદાર તથા બાપુ એ મૌનનો મતલબ સમજી ગયા. એ મૌનના ફળસ્વરૂપે જવાહરલાલને આઝાદ ભારતના પ્રથમ પ્રધાનમંત્રી થવાનું સદભાગ્ય સાંપડ્યું. આદર્શ સમયે ધારણ કરી લીધેલું મૌન તમને ભારતના વડાપ્રધાન બનાવી મુકવાની તાકાત રાખે છે.

ક્વિક નોટ - શબ્દ શબ્દ તું ક્યાં કરે, શબ્દ કો હાથ ના પાંવ, એક શબ્દ ઔષધ કરે દુસરા કરે ઘાવ. ■

production@infiniumpharmachem.com

## તમે ટીવી સીરિયલ બનાવો

હાસ્યાય નમઃ



ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૧)મારે અન્યાય વિરુધ્ધ અવાજ ઉઠાવવો છે તો શું કરું?

ધવલભાઈ પાનવાળા (રાજકોટ)

પેલા કોઈને ક્યો કે તમને અન્યાય કરે.

(૨)રૂપિયા અને રુપમાંથી વધારે મહત્વનું શું?

રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)

લગ્ન પહેલા રુપ, પછી રૂપિયા.

(૩)તમો જિલ્લા પંચાયત ચૂંટણી કેમ લડતા નથી?

અશોકભાઈ જોશી (લીલીયા મોટા)

સ્ટેજ થોડું નાનું પડે છે.

(૪)વાચકો તમને આડાઅવળા અને અર્થહીન પ્રશ્નો પૂછે છે તો તમને કંટાળો નથી આવતો?

યોગેશભાઈ આર. જોશી (હાલોલ, જી.પંચમહાલ)

હવે તમે સીધા અને અર્થસભર સવાલ પૂછીને કંટાળો દૂર કરજો.

(૫)પક્ષીઓ સળી ભેગી કરી ને માળો બનાવે અને માણસ કોઈની સળી કરે, પક્ષીઓ અને માણસની કામગીરીનો તફાવત જણાવશો.

હરિભાઈ ધોરાજિયા (લીલીયા મોટા)

સળી વડે પક્ષી માળો બનાવે, સળી વડે માણસ કોઈનો માળો વિખી નાખે.

(૬)લગ્નવાન્છુ યુવકને "મુરતિયો" કહેવાય છે; યુવતીને?

કનુભાઈ પરમાર (દામનગર)

મહિલા મુરતિયો!

(૭)તમે જવાબને બદલે ક્યારે પ્રશ્ન પૂછશો??

કમલેશ મકવાણા (બોડેલી)

જ્યારે વાચકો સવાલને બદલે જવાબ આપવા સક્ષમ બની જશે ત્યારે.

(૮)સંત અને સતમાં શું ફરક?

બાલુભાઈ કિકાણી (લીલિયા)

દોઢ બે હજાર વરસ તપ કર્યા પછી હું સંત બની જઈશ પછી આ સવાલનો જવાબ આપીશ.

(૯) આજે કોઈને આ જન્મમાં બીજી વખત ફેરા ફરવાનો મોકો મળે તો કોની સાથે ફેરા ફરે? (પહેલું પાત્ર જીવંત છે)

ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)

આ ગરમીમાં તો ઊભા થવાનું મન નથી થાતું એમાં ફેરા કોણ ફરે?!

(૧૦) એવું ક્યું પક્ષી છે કે જે બધાથી વધારે ઉડે છે?

ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)

જનરલ નોલેજ માટે બજારમાંથી કોઈ સારું પુસ્તક ખરીદી લો.

(૧૧)સાહેબ..! આપને બધા વાચકો સાથે હોર્મુઝની ખાડીની મુલાકાતે જવાનું થાય તો?

ધોરાજીયા ચંદ્રકાન્ત એન (સાજણટીંબા)

એક બે ખાલી શીશી પણ ભેગી લઈ લઉં. ત્યાં પેટ્રોલના જહાજો ઊભા હોય. બે શીશીમાં કોણ ના પાડે?

(૧૨) તમારે દર રવિવારે ઘરકામ જાતે કરવું પડે છે કે રોજે રોજ?

રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)

ના, હું તમારા જેટલો દુઃખી નથી.

(૧૩)તમે ટીવી સીરિયલ બનાવો.

રામભાઈ પટેલ (સુરત)

જોશે કોણ?

(૧૪)દોડવું હોય અને ઢાળ ન મળે તો શું કરવું?

દર્શન પટેલ (વડોદરા)

સગવડ હોય તો સ્વખર્ચે ઢાળ બનાવડાવી લો.

(૧૫) મસ્ત જોક્સ કહો!

જય દવે (ભાવનગર)

મસ્ત જોક્સ. ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# રાજરાણી કેસરની રાહમાં સૌરાષ્ટ્ર ઊંચી ડોકે રાહ જુએ છે



સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

કેસર કેરી છેલ્લી એક સદીથી બાગાયતી પાકોમાં રાજરાણીનો ઠાઠમાઠ ભોગવે છે. ગુજરાતી પ્રજા તો કેસર ઘેલી પ્રજા છે. કેસર કેરીનું પિયર ઊના છે. એક જમાનામાં આ કેરી માત્ર ઊના પંથકમાં જ થતી અને ત્યારે એનો રંગ પિતાંબર જેવો પીળો હતો. જુનાગઢના નવાબના બાગબગીચા વિભાગના વડા એક વિદ્વાન સાલેભાઈ હતા. આ સાલેભાઈ કલમો કરવાના નિષ્ણાંત હતા. એમણે ઊનાથી કેસરના સંખ્યાબંધ છોડ લાવીને ગિરનારની તળેટીમાં વાવ્યા. ગિરનારતળે એ સમયે માથેરાન જેવી લાલ માટી હતી.

આજે પણ પરિક્રમાના રસ્તે કેટલાક ટૂંકા પટ્ટામાં લાલ માટી હજુ છે. લાલઢોરી તરીકે ઓળખાતા તળેટી વિભાગમાં આજે પણ અસલ લાલ માટી છે. આજે આ વિસ્તાર કૃષિ યુનિવર્સિટી હસ્તક છે જ્યાં એક ઔષધિવન બનાવવામાં આવ્યું છે. તળેટીની લાલ માટીને કારણે ઊનાની કેરીએ અહીં કેસરી રંગ ધારણ કર્યો. એ સમયે કેરી શબ્દ પ્રચલિત નહોતો. આંબલીના આંબલિયા એમ આંબાના ફળ આમડી. જૂનાગઢમાં આ જે નવા કેસરી રંગની કેરી નવાબે પ્રજા માટે બજારમાં મૂકી એનું નામ સાલેભાઈની આમડી પડ્યું.

પિતાંબરી વર્ણની કેરીને કેસરરંગી બનાવવા બદલ તત્કાલીન બ્રિટિશ સરકારે નવાબના કહેવાથી આ બાગાયતી વિદ્વાનને 'સાલે હિન્દ'નો ખિતાબ આપ્યો હતો જે આજે પણ જૂનાગઢ મ્યુઝિયમમાં જોઈ શકાય છે. વળી સોરઠની ભોમકામાં આવ્યા પછી પેલી પિતાંબરીનું માધુર્ય પણ પારાવાર વધી ગયું. રેસા હતા તે નહિવત્ થયા. એક નવી જ નીપજ કેસરરૂપે ગુજરાતીઓને મળી. ત્યાર પછી નિરંતર કેસર કેરીએ લોકહૃદય પર એકચક્રી સામ્રાજ્ય જમાવી દીધું. ક્રમશઃ રાજ્યના અનેક જિલ્લાઓમાં કેસરના વાવેતર થયા. વલસાડ, ધારી, વિસાવદર, તાલાળા એમ એના કાયમી મુકામ થયા. વચ્ચેના વરસોમાં કાર્બન કેરીનો બહુ ઉપદ્રવ થયો. હવે ગુજરાતીઓ ઓર્ગેનિક પ્રિય છે. એટલે કાર્બન કેરી ચાલતી નથી. એ પાપનો અને ખોટનો ધંધો છે.

વિશ્વમાં જે જળવાયુ પરિવર્તન નામે ઓળખાતી આપત્તિ છે એનો ભોગ કેસર કેરી પણ બની રહી છે. જેમ શાકભાજી અને કઠોળના મૂળભૂત સ્વાદ ઝાંખા પડી ગયા છે એમ હવે કેસરનો સ્વાદ પણ પર્યાવરણના પ્રભાવથી બદલાઈ રહ્યો છે. આ વરસે એક તો પચ્ચીસ ટકા પાક થયો છે અને એ પાકના સ્વાદમાં પણ પહેલા જેવી રંગત નથી રહી. આંબા પર મોર બેસે ત્યાં સુધી એને ઠંડક જોઈએ અને પછી ગરમી જોઈએ. હજુ અસલ કેસરની મોસમને વાર છે. છેલ્લા બે મહિનાથી ઠંડી અને ગરમી સતત બદલાય છે. બાગાયતી કિસાનો વધુ પાક લેવાના મોહમાં આમ્રકુંજોને વધુ પાણી પીવરાવે છે એનાથી પણ પાકની મીઠાશ ઘટે છે. આંબાને બહુ જ ઓછા પાણીની જરૂર હોય. કારણ કે તો જ એ પૃથ્વીમાંથી સત્ત્વતત્ત્વ મેળવી શકે. વધારે પડતા જળ સિંચનથી કેરીનો રંગ અને સ્વાદ ફિક્કા પડી જાય છે.

આ વખતે કેસર કેરીની મોસમ હાથમાંથી સરી જવાનું એક કારણ એ છે કે ઓછા પાકને કારણે એ-વન કેટેગરીનો માલ નિકાસ થઈ ગયો છે. અખાતી દેશોમાં કેરીની જબરજસ્ત ડિમાન્ડ રહે છે અને ભાવ પણ બહુ ઊંચા મળે છે. બીજું કારણ એ છે કે ગયા વરસે તોકતે વાવાઝોડાએ જે આતંક મચાવ્યો એમાં રાજ્યના હજારો આંબાઓ ધરાશયી થઈ ગયેલા છે. છતાં એની સામે જે આંબાઓ ટક્યા છે એના મૂળ થોડા વિસ્થાપિત થયા છે. એટલે એવા લાખો આંબામાં આ વરસે મૉર આવ્યો નથી.

જો કે કેરીની અસલ મોસમની હવે જ શરૂઆત છે. કેસર કેરીની મોસમ આકાશ ઘટાટોપ થવા સુધી ચાલે છે. પરંતુ જેવા આકાશમાં વરસાદી વાદળાઓ પહેલીવાર દેખાય એ જ સમયે કચ્છી કેરી પણ બજારમાં પહેલીવાર દેખાય છે. કચ્છી કેરીના ચાહકોનો એક આગવો સમુદાય છે. છેલ્લા ચારેક વરસથી કચ્છી કેરીએ લોકહૃદયમાં પોતાની જગ્યા બનાવવાની શરૂઆત કરી છે.

આલ્ફાન્ઝો નામના ફિરંગીએ વિકસાવેલી અને એના નામ પરથી જ ઓળખાતી હાફુસ કેરી બહુ વહેલા મુંબઈ એરપોર્ટ પર દેખાય છે મુંબઈથી આવતા ગુજરાતીઓના હાથમાં પરિવાર પ્રીતિના પ્રતિકરૂપે હાફુસનું બોક્સ આવી જાય છે. એનો સ્વાદ વિશિષ્ટ અને ચિત્તાકર્ષક હોવા છતાં ગુજરાતી ગૃહિણીઓ ઉનાળો બેસે ત્યારથી કેસરના જ જાપ જપતી હોય છે. હાફુસની તુલનામાં કેસર ગુજરાતીઓના બજેટને પણ અનુકૂળ છે. મહુવાની જમાદાર કેરી સાવ અનોખી આસ્વાદ પરંપરાની છે. ■

# નિશાળેથી આનંદ આવ્યોને રૂપાનો ચહેરો ધારી ધારીને જોઈ રહ્યો




લઘુનવલકથા

યોગેશ પંડયા

નિશાળેથી આનંદ આવ્યોને રૂપાનો ચહેરો ધારી ધારીને જોઈ રહ્યો. રૂપાના હાથમાં પેલી ડબ્બી હતી. પણ એ ડબ્બી છુપાવવાની રૂપાએ કોશિશ કરી.પણ ત્યાં સુધીમાં આનંદની નજરમાં એ ચોરી પકડાઈ ગઈ હતી.તેની નજર આનંદ ઉપર માંડી.એ નજરમાં એક છુપું ઈજન હતું.પાસે આવવાનું! આંખનો મોઘમ ઈશારો પારખીને આનંદ નજીક આવ્યો. પૂછ્યું,"શું છે?" જવાબમાં રૂપાએ ડબ્બી બતાવી.

“અરે વાહ, ડબ્બીના રૂપરંગ જોતા તો લાગે છે કે કદાચ આ તો મોહને મોકલાવી લાગે છે.'

'હા.' રૂપાએ નિઃશ્વાસ નાખ્યો, 'પણ મને...' અને તેના ચહેરા ઉપર અણગમતા ભાવ આવ્યા.," ..પણ મને..."પછી કહે,"રહેવા દો..આ ડબ્બીની અંદરની વસ્તુનો મને કોઈ મોહ થતો નથી "

" કેમ?"

'બસ એમ જ કે હું ત્યાં સુખી નહીં થાઉ, આનંદ. અત્યારથી જ મને અમંગળ એંધાણની ઘંટડીઓ વાગવા લાગી છે. આનંદ,આ સંબંધથી. હું જરાય પણ ખુશ નથી.જે છોકરીનું મન બીજામાં હોય એ બીજાને કેમ પોતાનો પુરુષ સમજી શકે? મને વિચાર આવે છે કે હું કેમ સાસરે જઈશ? કેમ સમાઈ શકીશ? આખરે મારી લાગણી, મારો પ્રેમ, મારા અરમાનની કોઈ કિંમત જ નહીં?,ના,આનંદ,હું સાસરે નહીં જાઉં,ખાલી મારું શરીર જ જશે.."રૂપાની આંખોમાં ઝળઝળીયા આવ્યા.

આનંદ મૌન રહ્યો.

રૂપાએ આનંદનો હાથ મચમચાવી નાખતાં કહ્યું,

'તમે કંઈક બોલો તો ખરા.! તમે મારી પીડા સમજો તો ખરા..તમને મારી કાંઈ પડી જ નથી.કે મારી ભીતર અત્યારે તોફાન ઉમટ્યું છે..એ તોફાનમાં કદાચ હું ડૂબી જાઉં તોય તમે મને બચાવવા આવો તેમ નથી.અરે,ડૂબવાની વાત તો એક કોર રહી,હું કદાચ મરી જાઉં તો ય તમને ક્યાં પડી છે??"

"એવું ના બોલ,મને દુઃખ થાય છે..સી”

"તમે દુઃખી હો એવું દેખાતું નથી.તમે મારી પીડા કે દરદ વિશે કેમ બોલતા નથી.."

'શું બોલું? ઘણું બધું બોલવું છે રૂપા, પણ જીભ ઊપડતી નથી.."

'ચાલો, આપણે ભાગી જઈએ! એ કમાડ પકડીને બેસી પડી. હવે તમારા વગર નહીં શકું. મારી જિંદગી... મારા સમણાં... મારું સર્વસ્વ.. તમે જ છો આનંદ... તમારા વગર હું નહીં જીવી શકું. હું કટકે કટકે મરી રહી છું.'

' ગાંડી થઈ ગઈ છો?' આનંદે નીચે ઝૂકીને તેને ઊભી કરી.તેના બંને ખભા ઉપર હાથ રાખ્યા.પોતાની આંખો રૂપાની આંખોમાં પરોવી ને વહાલ અને સમજાવટ ના સૂર થી કહ્યું,"આટલી સમજણી, આટલી શાંત. મારી રૂપા, ભાગી ભાગીને આપણે ક્યાં ભાગીને જઈશું? શું આપણાં માબાપને આપણે દગો આપવો છે? શું આપણે આપણા કુળના સંસ્કાર લજવવા છે? કેટલો બધો વિશ્વાસ હશે તારા બા - બાપુને તારી ઉપર? શું એ વિશ્વાસ આપણે કલંક બનીને મિટાવી દેવો છે??'

'તો શું કરું? મને કંઈ સમજાતું નથી.' કહેતાં રૂપા આનંદ ને વળગીને રોઈ પડી. આનંદ એને પંપાળતો રહ્યો. રૂપાના આંસુથી આનંદનો શર્ટ ભીનો થઈ ગયો.બે જુવાન હૈયા પોતપોતાની પીડામાં ઓગળતા હતા. અહીં કોઈ નહોતું.માત્ર એ બે જ હતા.રૂપાની પીઠ ઉપર આનંદનો હાથ ફરતો હતો અને રૂપાને શાતા વળતી હતી..!

મેળો તો જામ્યો હતો, પણ મન વગરના માનવી સાથે મેળામાં ફરવું એ કોઈ જિંદગી ક્યાં હતી? મેળામાં પહોંચીને રૂપા મોહન પાસે ઊભી રહી. ચહેરા પર લજ્જાને બદલે કરુણતા હતી. ખુશીને બદલે દર્દ છલકતું હતું. ભાવિ પતિના સ્પર્શથી ઝણઝણાટીને બદલે તે વેદનાથી પીડાતી હતી!

હૈયામાં ઉત્સાહ કે આનંદ નહોતો અને આવા જ ભર્યા હૈયે હજી સાસરામાં કંકુપગલાં કરવા જવાનું હતું ને બે દિવસ રોકાવાનું પણ હતું. દિયર મફત તેડવા આવ્યો ત્યારે વેવાઈની ચિઠ્ઠી લઈને આવેલો. અંતે મને કમને રજા તો આપી પણ રાવજીભાઈથી મફતને કહ્યા વગર ન રહેવાયું,

'ઠીક છે મફતભૈ, મોહનલાલ ભણેલા ગણેલા હુંશિયાર, નોકરી કરે, પણ મોટા ઘરની દીકરી સિવાય આપણામાં કંકુપગલાં કરવા મોકલતું નથી, પણ મોહનલાલને કે અમારી દીકરીનાં સાસુ- સસરાને ખોટું ન લાગે એટલે હું ના નહીં પાડું, પણ એક વિનંતી છે. એ બહાને આ અમારા ઘેર રહેતા આનંદભૈ તમારા ઘરે આવે? મારે દીકરો નથી, પણ દીકરાથીય વિશેષ છે.'

'વાંધો નહીં કાકા, મને કોઈ વાંધો ન હોય. માસ્તરસાહેબ ભલેને આવે.'કહેતાં તેડીને નીકળી ગયેલો. તે સીધો મેળામાં! ત્યાં સુધીમાં મોહન આવી ગયો હતો.

સાંજ પડી. મેળો તો બે-ત્રણ દિવસ સુધી હતો, પણ આજ સાંજે સાસરિયામાં ઘરે જવાનું હોવાથી મોહને રૂપીને કહ્યું,

''આપણે તો બે ય ફટફટિયામાં નીકળશું ઘરે જવા, એમ કરીએ ,મોડી રાત્રે નીકળીએ, પણ આનંદભૈ આપણા ઘરે શેમાં આવશે?''

પડખે ઊભેલા આનંદે તરત જ વિનમ્રતાથી તેને કહ્યું,

''ના, ના, મારે નહીં આવી શકાય..મારે નિશાળે રજા નથી.''

મોહને આગ્રહ કર્યો, પણ આનંદે શાંતિથી કહ્યું,

'એવું નથી, પણ મારે સવારમાં નિશાળે જવાનું હોય.'

''તો બપોર પછી આવજોને.''..રૂપા ઓઢણીની વળ ચડાવતી વિનવી રહી.

'પણ...' આનંદે વિચાર્યું, પછી 'ઠીક જોઉ હવે.' કહેતો નીકળી ગયો.રૂપા તેને જતા જોઈ રહી.બીજે દિવસે આનંદ મેળામાં આવ્યો. મોહન દર્શન ફરવા ગયો હતો. આનંદ રૂપાને તાકી રહ્યો. રૂપાની આંખમાં આંસુ ટપક્યાં.આજુબાજુ નજર કરીને આનંદે ધીરેકથી કહ્યું:

'હવે બસ થાય છે હોં કે! તું રડે છે એ મને નથી ગમતું. ચલ, આ આંસુ...' કહેતાં એણે આંખો પરથી આંસુ લૂછ્યાં એ જ વેળાએ કેમેરાની ફલેશ ઝબકી.દર્શન કરીને મોહન આવ્યો. ત્રણેય જણા બેઠા.આસપાસ પીપુડાવાળા ના, પાવાવાળા ના અવાજો આવતા હતા.તો પાથરણું પાથરીને બેઠેલા વેપારીઓનો કોલાહલ હતો.

'એક કામ કરશો આનંદભાઈ. મારે એકવીસ હનુમાન ચાલીસાના જાપ કરવા છે. તેટલી વારમાં તો તમે અને રૂપા કંટાળી જશો. આ જગ્યા ખૂબ જ પ્રાચીન છે. તમે અને રૂપા આટલી વારમાં ટહેલો તો હું જાપ કરી લઉં.'

'સારું. પણ બહુ વાર નહીં લગાડતા. હોં કે.' જવાબમાં મોહન હોંકારો ભણી સામે હનુમાનજીના મંદિર તરફ ચાલ્યો. અને આ બાજુ આનંદ અને રૂપા નદી તરફ ચાલ્યા.નદીના કાંઠે આથમતા સૂરજની સાખે બંને જણ ફરતાં ફરતાં શેતલના ઊંડાં પાણીમાં પગ ઝબકોળતી રૂપા અચાનક લપસી. એના મોઢામાંથી ચીસ ફાટી ગઈ,"આનં..દ..."

પણ એ ધીંગા વહેણમાં તણાય એ પહેલાં તો આનંદે ઝીલી લીધી હતી. આ બે ભોળા પારેવડાંનો પ્રેમાલાપ અને હાથમાં હાથ નાખી નીકળેલાં ભોળાં પંખી જેવા જીવને જોઈ ખુદ પ્રકૃતિ પણ રાજી થતી હતી, પણ એની વાજોવાજ ગળામાં કેમેરા નાખીને છૂપકે છૂપકે ફરતા જયચંદના કેમેરાની અંદર કચકડાની પટ્ટીમાં બંનેનાં પ્રણય દશ્યો એક પછી એક કેદ થતાં ગયાં હતાં!

ત્રણ દિવસને બદલે ચાર પાંચ દિવસ રૂપાની સાસરીમાં આનંદ સાચેજ સાથે જ રહ્યો. અને તે હતો તો રૂપી ખુશ હતી. મોહને તેની નોંધ લીધી હતી. પણ એ કશું બોલ્યો નહોતો. ત્રીજા દિવસે સાંજે સામેથી જ મોહને કહ્યું, 'આનંદભૈ, એક કામ કરોને હવે તમે જ જાવ છો તો પછી રૂપાને તેડતા જ જાવને. મારે ધક્કો નહીં.'

'અરે મોહનલાલ, એમ કાંઈ હોય? પહેલી વાર તમે સાસરીમાં આવો છો અને ફસકી જાવ તે ન ચાલે.'

'હું પછી નિરાંતે આવીશ બસ.'

'વચન આપો છો?'

'હા. હા. વચન... બસ?'....અને મોહનની જ મોટરસાઈકલ પર બંને નીકળ્યા. સાંજ પડી ચૂકી હતી. ધરતી ઉપર ધીરે ધીરે અંધારું પથરાતું જતું હતું..બંને ઊપડ્યા.સાસરીના ગામનો સીમાડો વાયા કે રૂપાએ આનંદને કચકચાવીને પકડી લીધો.અને એની પીઠ ઉપર પોતાનું માથું ઢાળી દીધું. આનંદને ગમ્યું.એક સુહાની સફર ક્યારેય ખત્મ ના થાય એવું ચાહી રહ્યો.. ખડખડિયા કાચા રસ્તા ઉપર મોટર સાયકલ ધીમે ધીમે આગળ ધપવા લાગ્યું.ઉગમણી દશ્યે ચંદ્રમાં ઊગીને સમોનમો થયો હતો. ગામમાંથીયે કેટલીક મોટરસાઈકલ અને સાઈકલ લઈને મેળો માણવા ઊમટેલા લોકો આનંદની મોટરસાઈકલ ચલાવવાની સ્ટાઈલને વધાવતાં રહ્યા અને ધીરે ધીરે આનંદ મોટરસાઈકલ ચલાવતો હતો. એને વળગીને જ રૂપા ચીપકીને બેસી ગઈ હતી. ક્યારેક કોઈ રોદો કે ખાડો આવતો અને આનંદ બ્રેક મારતો કે ત્યાં જ રૂપાની ઉન્નત છાતી આનંદની પીઠ પર ચંપાઈ જતી હતી.

ઊંડી નેળ આવી. એક બાજુ ઉબડખાબડ રસ્તો અને એક બાજુ ઘાટું અંધારું..એક ઘટાટોપ ઝાડવા નીચેથી મોટર સાયકલ પસાર થયું કે ચીબરી ચિત્કારી ઊઠી.આનંદનું હૃદય જોર થી ધડકી ઊઠ્યું. અચાનક તેના માનસપટ પર કશીક ઊથલપાથલ મચી રહી. સિક્સ્થ સેન્સ પ્રબળ થઈ ગઈ. સાઈકલવાળા ઘણા પાછળ રહી ગયા હતા. પગપાળા ગામ નીકળતા લોકો ટૂંકી કેડીવાળા રસ્તે નીકળી ગયા હતા..આ ઊંડી નેળ. ..અંધારું અને મોટર સાયકલ ની ડીમ લાઈટ..! જાણે આકાશમાંથી અસુરોના ટોળા ઉતરી રહ્યા હોય એવી ભૂતાવળ નો ડર એ ઊંડી નેળ માં આનંદ અનુભવી રહ્યો."રૂપા,તું સરખી બેસજે,રસ્તો અને વાતાવરણ ખૂબ ડેન્જર છે.."આનંદ બોલ્યો ન બોલ્યો ને ત્યાં જ...અચાનક એક જોરદાર પથ્થર આવ્યો. અને ધડીમ કરતો આનંદના ચહેરા ઉપર જ વીંઝાયો. આનંદ લથડયો અને મોટરસાઈકલ સ્લીપ થઈ ગઈ. અને બંને રસ્તા ઉપર જોર થી પછડાયા..એ જ વેળાએ....

(ક્રમશઃ) ■

# આ કવચ તોડવા માટેનો શ્રેષ્ઠ મંત્ર એટલે પ્રભુ ભજન અને સત્સંગ..!




ધારાવાહી નવલકથા

અમૃત પરમાર

“રોજ રોજ પેટ ભરીને જ હું જમુ છું. પરંતુ મારૂં ચીત ચકરાવે ચડયે જ રાખે છે. શાંતિ મેળવવા અનેક પ્રયાસ કરૂં છું. પરંતુ મને શાંતિ તે મળતી જ નથી અને બા, અમુક એવા પ્રકારનું છૂપું દુઃખ દેખાતું પણ નથી પરંતુ આવું છુપું દુઃખ માણસને અંદર અંદરથી ધીરે ધીરે કોરી ખાય છે. આવું આટલું બધું હોવા છતાં ચહેરો ખૂબ હસતો રાખી જીવતર જીવી લેવું પડે છે. આવું બધું કેમ થતું હશે....?”

“ તું તો ભણેલો છે એટલે ખબર હોવી જોઈએ કે આ સંસાર એવો જ છે. આપણી અંદરૂની અપેક્ષા કયારેય પૂરી નથી થતી, તેના લીધે ઉદ્વેગ ઉત્પન્ન થાય છે. આવા ઉદ્વેગથી સંતાપ પેદા થાય છે. આ બધા જ સંસારની માયા છે... બેટા ! જોને હું જમવા બેસું છું ત્યારે મને આજે પણ જ્યોતિની યાદ અચૂક આવે જ છે. કેવી મજાની નમણી નમણી છોકરી આપણા આંગણે આવી તો ખરી પરંતુ એકા એક કોઇ ભયંકર વાવાઝોડું આવતાની સાથે ઓચિંતી જ ચાલી ગઇ..., દૂર દૂર ચાલી ગઇ...!”

“બા, તમારી વાત સાચી છે. અમુક વ્યક્તિનું આગમન જિંદગીનું નસીબ બદલી નાખતું હોય છે અને તેના ચલ્યા જવાથી પણ નસીબ બદલી જાય છે. વળી આવનાર વ્યક્તિનું વ્યક્તિત્વ જ એવું હોય છે કે આપણે જિંદગીભર ભૂલી જ નથી શકતા. વારેવારે તેની યાદ સ્મૃતિપટ પર ઉપસી આવે છે. સાચું કહું બા..., હું પણ જ્યોતિને હજી ભૂલી જ નથી શકતો. પણ શું થાય ?

“આ બધી જ માયા છે બેટા, જિંદગી તે આજું નામ... ને જિંદગી તો આવી જ હોય. તને યાદ નહીં હોય પણ મને તો બધું જ યાદ છે, વાત કરૂં...?”

“મને તમારી વાત સાંભળવી ખૂબ જ ગમે, કહો...” દામાએ તરત જ કહ્યું.

“ત્યારે એ સમયે તું નાનો હતો. આ તારા નાનપણની વાત છે...” બાએ વાત કરવાની શરૂઆત કરી

“તું જોર જોરથી રડતો હતો ને તારા બાપુ તને છાનો રાખતા હતા. તારું રડવાનું કારણ તેં એવું કર્યું હતું કે મને માટીનું રમકડું બનાવી આપો. એટલે તારા બાપુ વાડીએથી કાળી માટી લઈ આવ્યા, એમાં ચૂલાની થોડી રાખ મેળવી, પછી પાણી નાખી ચીકણો ગારો ખૂબ ખૂબ મસળ્યો. પછી મેં અને તારા બાપુએ સાથે મળીને માંડ માંડ રમકડું બનાવ્યું. તને યાદ ન હોય એ ગારામાંથી મેં સરસ મજાની ઢીંગલી બનાવી હતી, અને એ ઢીંગલી તને પણ ખૂબ જ ગમી. આખો દિવસ તું એ ઢીંગલી પાસે બેસી રહેતો, એકધારો એને જોતો રહેતો. પરંતુ સમય જતાં માટી સુકાઈ જવાથી વળી એ ઢીંગલી કડક થઈ ગઈ, બરડ થઈ ગઈ. ને એક દિવસ તેં એ ઢીંગલીને જેવી તારા હાથમાં લીધી ને તું ત્યારે એટલો બધો ખુશ હતો... એ દશ્ય આજે પણ મારી નજરે તરવરે છે. ને પછી, અચાનક તારા હાથમાંથી એ ઢીંગલી વેંત છેટેથી નીચે પડી. નીચે પડતાની સાથે તો ઢીંગલીના ચાર-પાંચ ટુકડા થઈ ગયા. પછી એ તૂટેલી ઢીંગલીના ટુકડાઓને જોઈ જોઈ તું એટલો બધો રડ્યો હતો કે તેની કોઈ સીમા જ નહીં. ત્યારે એ સમયે તારા બાપુએ તને છાનો રાખતાં રાખતાં મને સરસ મજાનું એક વાક્ય કહેલું : 'રાખનાં રમકડાંને તૂટતાં જરાય વાર ન લાગે, જરા અમથી ઠોકરથી તે તૂટી જ થાય...'”

“બેટા, આ સંસારી માનવજાતની જિંદગી પણ રાખનાં રમકડાં જેવી જ છે. તે ક્યારે તૂટી જાય તેનું કંઈ નક્કી નહીં. જોને હવે મારું શરીર પણ પહેલાં જેવું નથી રહ્યું. અંદર અંદર કંઈક થઈ રહ્યું છે. શું થાય છે તેની ખુદ મને પણ ખબર પડતી નથી. છાતીના ધબકારા ક્યારેક અતિવેગે વધી જાય છે, પરસેવે રેબઝેબ થઈ જાઉં છું. તો પણ ઠાકોરજીને યાદ કરી કરી આંખો મીંચીને પડી રહું છું. જો કે મારી ઉંમર પણ ઘણી થઈ છે, એટલે આવું બધું થતું હશે એમ મને લાગે છે...” બા એ આવું કહ્યું.

“બા..., આ દુનિયા... આ સમાજ એવો છે કે, હવે કોઈને કોઈની ચિંતા કરવા જેવું રહ્યું જ નથી. પ્રપંચોથી છલકાતી સંબંધોની રમતમાં કોણ કોણ કઈ રમત રમી જાય તેનું પણ નક્કી નથી. તો પછી આવી ચિંતા કરવાથી કોઈ ફાયદો નથી. હવે તો આપણા ચિત્તને શાંતિ મળે એ માટે તો બસ પ્રભુ ભજન જ શ્રેષ્ઠ છે. રામ નામ જ મને ને તમને તારશે, એ સિવાય બીજો કોઈ રસ્તો બાકી રહ્યો નથી.” દામો આવી વાત કરી અટક્યો, એટલે તરત જ બા બોલ્યા :

“તારી વાત તો સાવ સાચી છે, દીકરા ! મોહ અને માયાનું કવચ તોડવું ખૂબ જ અઘરું છે. આ કવચ તોડવા માટેનો શ્રેષ્ઠ મંત્ર એટલે પ્રભુ ભજન અને સત્સંગ...!” (ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# મે મહિનાના અંત સુધી દક્ષિણ ભારતમાં સારા વરસાદની સંભાવના: હવામાન વિભાગ



નવી દિલ્હી, તા.૨૫

દેશભરમાં પડી રહેલી આકરી ગરમી વચ્ચે હવામાન વિભાગે રાહતના સમાચાર આપ્યા છે. ભારતીય હવામાન વિભાગ મુજબ આ વર્ષે દક્ષિણ-પશ્ચિમ ચોમાસું સામાન્ય સમય કરતાં વહેલું આવી શકે છે. મે મહિનાના અંત સુધી દક્ષિણ ભારતના અનેક વિસ્તારોમાં સારો વરસાદ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

યુરોપિયન હવામાન એજન્સીના તાજા ડેટા મુજબ, આંદામાન-નિકોબાર વિસ્તારમાં ૧૮ થી ૨૫ મે દરમિયાન ચોમાસું પ્રવેશી શકે છે, જ્યારે કેરળમાં આશરે ૨૫ મે સુધી દસ્તક આપવાની સંભાવના છે.

હવામાન નિષ્ણાંતો મુજબ અલ નીનોની નબળી સ્થિતિ અને પોઝિટિવ ઈન્ડિયન ઓશન ડાઈપોલને કારણે વરસાદ વહેલો થવાની શક્યતા છે. સાથે જ દક્ષિણ-પૂર્વ અરબ સાગર અને બંગાળની ખાડીમાં ભેજવાળી પવન સક્રિય બનતા કેરળ અને તમિલનાડુમાં સામાન્ય કરતાં વધુ વરસાદ પડી શકે છે. આ પરિસ્થિતિ યથાવત્ રહી તો દક્ષિણ ભારતને ગરમીમાંથી મોટી રાહત મળશે.

# જખૌ બંદર નજીક ઝડપાયેલા રૂ.૩૮૪ કરોડના હેરોઈન કેસમાં ૬ પાક. નાગરિકોને ૨૦ વર્ષની સજા



ભુજ, તા.૨૫

જખૌ બંદર નજીકથી ઝડપાયેલા ૩૮૪ કરોડ રૂપિયાના હેરોઈન કેસમાં ભુજની સ્પેશિયલ એનડીપીએસ કોર્ટએ મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. વર્ષ ૨૦૨૧ના આ હાઈપ્રોફાઈલ કેસમાં સંડોવાયેલા ૬ પાકિસ્તાની નાગરિકોને ૨૦ વર્ષની સખત કેદ તથા પ્રતિ આરોપી રૂ.૨ લાખ દંડની સજા ફટકારવામાં આવી છે.

માહિતી મુજબ, ડિસેમ્બર ૨૦૨૧માં એટીએસ અને કોસ્ટગાર્ડે સંયુક્ત ઓપરેશન દરમિયાન "અલ હુસેની" બોટને દરિયામાં રોકી તપાસ કરી હતી. તેમાંથી ૭૬.૯૩૬ કિલો હેરોઈન જપ્ત કરવામાં આવ્યું હતું, જેની આંતરરાષ્ટ્રીય કિંમત આશરે ૩૮૪ કરોડ રૂપિયા ગણાય છે.

કોર્ટમાં સરકારી વકીલે ૨૦૩ દસ્તાવેજી પુરાવા અને ૧૩ સાક્ષીઓ રજૂ કર્યા હતા. તમામ દલીલોને ધ્યાનમાં રાખીને જજ વી.એ. બુધ્ધે આરોપીઓને દોષિત ઠેરવી કડક સજા ફટકારી. કોર્ટએ નોંધ્યું કે નશીલા પદાર્થોનો ગેરકાયદેસર વેપાર દેશની સુરક્ષા અને યુવાનો માટે ગંભીર ખતરો છે.

# ચાર બાળકોને જન્મ આપો, એક બાળક આરએસએસને આપો : ધીરેન્દ્ર શાસ્ત્રી

નાગપુર, તા.૨૫

નાગપુરમાં યોજાયેલા ધાર્મિક કાર્યક્રમ દરમિયાન ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ આપેલું નિવેદન ચર્ચામાં આવ્યું છે. દુર્ગા મંદિરના શિલાન્યાસ પ્રસંગે તેમણે કહ્યું કે "ચાર બાળકોને જન્મ આપો અને એકને આરએસએસ સ્વયંસેવક બનાવો." તેમના આ નિવેદનને લઈ વિવિધ પ્રતિક્રિયાઓ સામે આવી રહી છે. શાસ્ત્રીએ પોતાના સંબોધનમાં સનાતન ધર્મ અને ભારતીય સંસ્કૃતિના વધતા પ્રભાવ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે દેશમાં આધ્યાત્મિક પરંપરાનો ગૌરવ વધતો જઈ રહ્યો છે. ઈતિહાસના ઉદાહરણો આપતા તેમણે છત્રપતિ શિવાજી મહારાજ અને સ્વામી રામદાસનો ઉલ્લેખ કર્યો અને રાષ્ટ્રીય ફરજ તથા સેવાના મહત્વ પર પ્રકાશ પાડ્યો. સાથે જ આરએસએસના કાર્યકરોની ભૂમિકાની પ્રશંસા કરતા તેમણે જણાવ્યું કે તેઓ દેશસેવામાં સદાય આગળ રહે છે.

# ફ્રાંસમાં યોજાનાર જી-૭ની બેઠકમાં પીએમ મોદી અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે મુલાકાત થવાની શક્યતા



નવી દિલ્હી, તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે જૂનમાં મુલાકાત થવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે. બંને નેતાઓ ફ્રાન્સમાં યોજાનારી જી-૭ સમિટમાં હાજરી આપશે, જ્યાં તેમની બેઠક યોજાઈ શકે છે. આ સમિટ ૧૫ થી ૧૭ જૂન દરમિયાન એવિયનમાં યોજાવાની છે. મુલાકાત પૂર્વે યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો મે મહિનામાં ભારતની મુલાકાત લેશે, જે બંને દેશો વચ્ચેની વાતચીતને અંતિમ સ્વરૂપ આપશે. મોદી અને ટ્રમ્પ છેલ્લે ફેબ્રુઆરી ૨૦૨૫માં મળ્યા હતા, ત્યારબાદ તેઓ વચ્ચે ટેલિફોનિક ચર્ચાઓ ચાલુ રહી છે. તાજેતરમાં ટ્રમ્પે મોદીને પોતાનો મિત્ર ગણાવી સકારાત્મક સંકેત આપ્યો હતો. બંને નેતાઓ વચ્ચે પશ્ચિમ એશિયા, દરિયાઈ સુરક્ષા અને વ્યૂહાત્મક મુદ્દાઓ પર ચર્ચા થઈ રહી છે.

આ બેઠક ભારત-અમેરિકા સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.

# બંગાળ ચૂંટણીમાં પક્ષપાતના આરોપોને પગલે પાંચ પોલીસ અધિકારીઓ સસ્પેન્ડ

કોલકાતા, તા.૨૫

પશ્ચિમ બંગાળની વિધાનસભા ચૂંટણી દરમિયાન પક્ષપાતના આરોપોને પગલે ચૂંટણી પંચે ડાયમંડ હાર્બર પોલીસ જિલ્લાના પાંચ અધિકારીઓને સસ્પેન્ડ કર્યા છે. સસ્પેન્ડ થયેલામાં એક એએસપી અને એક એસડીપીઓનો સમાવેશ થાય છે. અધિકારીઓ પર પ્રથમ તબક્કાના મતદાન દરમિયાન નિષ્પક્ષતા જાળવવામાં નિષ્ફળ રહેવાનો આરોપ મૂકાયો છે. ચૂંટણી પંચે સંબંધિત અધિકારીઓ સામે શિસ્તભંગની કાર્યવાહી શરૂ કરવાનો આદેશ આપ્યો છે. સાથે જ ડાયમંડ હાર્બરના એસપી ઈશાની પાલને પણ ચેતવણી આપવામાં આવી છે. પ્રથમ તબક્કામાં રાજ્યમાં ૯૧.૯૧ ટકા મતદાન નોંધાયું હતું, જે નોંધપાત્ર ગણાય છે. દક્ષિણ દિનાજપુર સહિત અનેક જિલ્લાઓમાં ૯૦ ટકા કરતાં વધુ મતદાન નોંધાયું છે. બાકીની બેઠકો માટે મતદાન ૨૯ મેના રોજ યોજાશે.

# રશિયા યુધ્ધમાં લડતા ૧૦ ભારતીયોના મોત મામલે કેન્દ્રએ સુપ્રીમ કોર્ટને જાણકારી આપી



નવી દિલ્હી, તા.૨૫

યુક્રેન સામે રશિયાના પક્ષે લડતા ૧૦ ભારતીય નાગરિકોના મોત થયાની માહિતી કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને આપી છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચ સમક્ષ સરકારએ જણાવ્યું કે આમાંથી મોટાભાગના નાગરિકો સ્વૈચ્છિક કરાર હેઠળ રશિયન સેનામાં જોડાયા હતા. સુનાવણી દરમિયાન એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીએ જણાવ્યું કે ૨૬ લોકોમાંથી ૧૦ના મોત થયા, એક જેલમાં છે અને એકે સ્વેચ્છાએ રશિયામાં રહેવાનું પસંદ કર્યું છે. કેટલાક લોકોને એજન્ટો દ્વારા ગેરમાર્ગે દોરાયા હોવાના આરોપો પણ સામે આવ્યા છે. કોર્ટે મામલાની ગંભીરતા ધ્યાનમાં રાખીને વિદેશ મંત્રાલયને નાગરિકોની સુરક્ષા અને વતન પરત લાવવા માટે લીધેલા પગલાં અંગે વિગતવાર અહેવાલ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. અરજદારોના વકીલે આ મામલાને માનવ તસ્કરી ગણાવી સરકારના દાવાઓનો વિરોધ કર્યો છે

# પ્રથમ વિશ્વયુધ્ધના ૩૩,૦૦૦ ભારતીય સૈનિકોના બલિદાનને ઐતિહાસિક માન્યતા



લંડન, તા.૨૫

પ્રથમ વિશ્વયુધ્ધમાં શહીદ થયેલા ૩૩,૦૦૦ ભારતીય સૈનિકોને હવે યોગ્ય સન્માન મળ્યું છે. ઈરાકના બસરા સ્મારકમાં જે સૈનિકોના નામ લાંબા સમયથી ગુમ હતા, તે હવે કોમનવેલ્થ વોર ગ્રેવ્સ કમિશન દ્વારા ડિજિટલ પેનલ્સમાં સમાવાયા છે. આ પહેલથી ભારતીય સૈનિકોના બલિદાનને ઐતિહાસિક માન્યતા મળી છે. નવી ડિજિટલ પેનલ્સમાં પ્રથમ વખત આ સૈનિકોના નામ તેમના રેન્ક અને રેજિમેન્ટ સાથે દર્શાવવામાં આવ્યા છે. કુલ ૩૩,૦૦૦ ભારતીયો ઉપરાંત અન્ય દેશોના ૪૬,૦૦૦થી વધુ સૈનિકોના નામ પણ સમાવાયા છે. વિશેષજ્ઞોના જણાવ્યા મુજબ, મેસોપોટેમિયા અભિયાન દરમિયાન હજારો ભારતીય સૈનિકો શહીદ થયા હતા, પરંતુ તેમના નામો યોગ્ય રીતે નોંધાયા નહોતા. ઈરાકની સુરક્ષા પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ડિજિટલ માધ્યમ અપનાવવામાં આવ્યું છે. આ પગલું ઐતિહાસિક ભૂલ સુધારવાની દિશામાં મહત્વપૂર્ણ માનવામાં આવે છે અને શહીદોને યોગ્ય શ્રધ્ધાંજલિ અર્પણ કરે છે.

# વંથલી પંથકમાં યુવાનને અડફેટે લેનાર ડમ્પરને ગ્રામજનોએ ફૂંકી માર્યુ



વંથલી,તા.૨૫

વંથલી પંથકમાં ખાણ-ખનીજ વિભાગ અને પોલીસ તંત્રની રહેમનજર હેઠળ ચાલતી ગેરકાયદેસર ખનીજ ચોરી હવે લોહિયાળ બની રહી છે. આજે ૨૫ એપ્રિલના રોજ કણજડી ગામે પિયુષ નામના નિર્દોષ યુવાનને ઓવરલોડ ડમ્પરે કચડતા ગ્રામજનોનો વર્ષોથી દબાયેલો આક્રોશ જ્વાળામુખીની જેમ ફાટી નીકળ્યો હતો. પૂરપાટ ઝડપે દોડતા આ યમદૂત સમાન ડમ્પરો સામે તંત્ર આંખ આડા કાન કરી રહ્યું હોવાના આક્ષેપો સતત થઈ રહ્યા છે. અકસ્માત બાદ ગંભીર રીતે ઘવાયેલા યુવાનને હોસ્પિટલ ખસેડાયો હતો, પરંતુ ગ્રામજનોએ કાયદો હાથમાં લઈ અકસ્માત સર્જનાર ડમ્પરને આગના હવાલે કરી દીધું હતું. આ ઉપરાંત અન્ય ત્રણ ડમ્પરોમાં તોડફોડ કરીને લોકોએ વહીવટી તંત્રની નિષ્ક્રિયતા સામે લાલ આંખ કરી હતી. જો તંત્ર હજુ પણ નહીં જાગે તો આવી ઘટનાઓ વધુ ઉગ્ર બને તેવી પૂરેપૂરી શક્યતા જણાય છે.

# ધોરાજીમાં બાઈક સ્લિપ થતાં વૃધ્ધનું કમકમાટીભર્યું મોત

ધોરાજી,તા.૨૫

ધોરાજીના બહારપુરા વિસ્તારમાં રહેતા ૬૨ વર્ષીય જયંતીભાઈ સાગઠીયા અને તેમનો પુત્ર રાકેશ પંચનાથ મહાદેવ મંદિર પાસે લગ્નપ્રસંગમાં ઢોલ વગાડવા ગયા હતા. કાર્યક્રમ પૂર્ણ કરી જયંતીભાઈ પોતાનું બાઈક લઈને ઘરે જવા નીકળ્યા ત્યારે જામકંડોરણા રોડ પર ઈમ્પીરીયલ સ્કૂલ પાસે ધૂળના ઢગલામાં તેમનું વાહન સ્લિપ થઈ ગયું હતું. પાછળથી આવતા પુત્રએ રસ્તા પર લોકોનું ટોળું જોતા ત્યાં જઈ તપાસ કરી તો પિતા લોહીલુહાણ હાલતમાં મળી આવ્યા હતા. ગંભીર હાલતમાં તેમને ૧૦૮ મારફતે ધોરાજી સરકારી હોસ્પિટલ ખસેડાયા હતા પરંતુ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ કરુણ ઘટનાથી સાગઠીયા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે અને પોલીસે અકસ્માત અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધોરાજીમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો ધમધમાટ: મતદાન મથકો પર સ્ટાફ રવાના

ધોરાજી,તા.૨૫



ધોરાજી તાલુકા પંચાયતની પંદર અને જિલ્લા પંચાયતની બે બેઠકો માટે રવિવારે યોજાનારા મતદાન પૂર્વે તંત્ર સજ્જ બન્યું છે. ભગવતસિંહજી હાઈસ્કૂલ ખાતેના ડિસ્પેચિંગ સેન્ટર પરથી પોલિંગ સ્ટાફ ઈવીએમ મશીનો અને જરૂરી સાહિત્ય સાથે બસો દ્વારા નિયત મથકો પર પહોંચી રહ્યો છે. નાયબ કલેક્ટર તરખાલા, મામલતદાર બારોટ અને તાલુકા વિકાસ અધિકારીની સીધી દેખરેખ હેઠળ સમગ્ર કામગીરી આટોપવામાં આવી રહી છે. મતદાન આડે હવે ગણતરીના કલાકો બાકી હોવાથી વહીવટી સ્ટાફમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને શાંતિપૂર્ણ રીતે પ્રક્રિયા પૂર્ણ થાય તે માટે પૂરતો બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

# ધોરાજીમાં નગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક અને ગંદકી બદલ દંડાત્મક કાર્યવાહી



ધોરાજી,તા.૨૫

ધોરાજી નગરપાલિકાની સેનીટેશન શાખા દ્વારા શહેરના મુખ્ય બજાર વિસ્તારમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઝબલા અને ગંદકી બાબતે કડક ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ચીફ ઓફિસર જયમલ મોઢવાડિયાના માર્ગદર્શન હેઠળ આરોગ્ય ઈન્સ્પેક્ટર રેશમાબેન ડોડિયા, યાસીનભાઈ કાંગડા અને પ્રવીણભાઈ સહિતના સ્ટાફે ધોરાજીની મેઈન બજાર, હવેલી શેરી તથા પીરખાના ચોક જેવા વિસ્તારોમાં સઘન તપાસ કરી હતી. આ કામગીરી દરમિયાન ટીમે વિવિધ દુકાનોમાં પ્લાસ્ટિકના જથ્થા અને કચરાના નિકાલની સ્થિતિ ચકાસી હતી. સેનીટેશન શાખાના અધિકારી યાસીનભાઈ કાંગડાએ માહિતી આપતા જણાવ્યું કે આ ઝુંબેશમાં અંદાજે દશેક જેટલા દુકાનધારકો સામે પ્રતિબંધિત પ્લાસ્ટિક રાખવા અને આસપાસ ગંદકી ફેલાવવા બદલ કડક દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી છે. નગરપાલિકાની આ આકસ્મિક કાર્યવાહીને પગલે નિયમોનું ઉલ્લંઘન કરતા વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે અને આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ ચાલુ રાખવાની જાહેરાત કરવામાં આવી છે.

# અરણેજ કસ્તુરબા બાલિકા વિદ્યાલય ખાતે કાનૂની જાગૃતિ કાર્યક્રમ યોજાયો



કોડીનાર,તા.૨૫

જિલ્લા કાનૂની સેવા સમિતિ વેરાવળના માર્ગદર્શન હેઠળ તાલુકા કાનૂની સેવા સમિતિ કોડીનાર દ્વારા અરણેજની કસ્તુરબા બાલિકા વિદ્યાલયના પટાંગણમાં વિશેષ જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીનીઓને **NALSA** સ્કીમ હેઠળ માનવ અને જંગલી પ્રાણીઓ વચ્ચેના સંઘર્ષથી પ્રભાવિત પીડિતોને મળતી સહાય વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. વધતા જતા વન્યજીવ સંઘર્ષના બનાવોમાં થતી જીવહાનિ કે આર્થિક નુકસાન સામે વન વિભાગની વળતર યોજનાઓ અને સાવચેતીના પગલાં અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લીગલ સેક્રેટરી અશ્વિન ચૌહાણ અને અંકિતા ડોડિયાની સૂચના મુજબ પીએલવી પ્રકાશ મકવાણા, દિવ્યાબેન મકવાણા તથા શાળાના હેડ ટીચર રંજનબેન પરમાર સહિતનો સ્ટાફ અને બાલિકાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ અભિયાનનો મુખ્ય હેતુ જંગલી પ્રાણીઓ સાથેના ઘર્ષણમાં ઘટાડો કરી કુદરત અને માનવ વચ્ચે સંતુલન સ્થાપિત કરવાનો છે.

# રાજયમાં આજે યોજાનાર ચૂંટણીમાં ૧૦૦% મતદાન કરવા સીએમ ભુપેન્દ્ર પટેલની અપીલ

ગાંધીનગર,તા.૨૫

રાજયમાં આજે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીના પૂર્વે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના તમામ મતદારોને સો ટકા મતદાન કરવા માટે એક હાર્દિક અને મહત્વપૂર્ણ અપીલ કરી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું છે કે લોકશાહીના આ મહાપર્વમાં દરેક નાગરિકે ઉત્સાહપૂર્વક સહભાગી થવું જોઈએ કારણ કે લોકશાહી વ્યવસ્થામાં મતદાન એ માત્ર બંધારણીય અધિકાર જ નથી પરંતુ તે દરેક જવાબદાર નાગરિકની પવિત્ર ફરજ પણ છે. મુખ્યમંત્રીના મતે દરેક મત રાજ્યના ગ્રામીણ વિસ્તારોથી લઈને શહેરો સુધીના સર્વાંગી વિકાસની દિશા નક્કી કરે છે અને સ્થાનિક કક્ષાએ વહીવટને વધુ સશક્ત અને પારદર્શક બનાવવાનો પાયો પૂરો પાડે છે.



મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ સામાન્ય નાગરિકના રોજિંદા જીવન સાથે સીધી રીતે સંકળાયેલી હોય છે. પીવાનું શુધ્ધ પાણી, પાકા રસ્તાઓ, જાહેર સ્વચ્છતા, આરોગ્યલક્ષી સેવાઓ અને શિક્ષણ જેવી પાયાની સુવિધાઓના સુદ્રઢીકરણમાં આ સંસ્થાઓની ભૂમિકા અત્યંત નિર્ણાયક હોય છે. આથી જ રાજ્યના ઉજ્જવળ ભવિષ્ય અને સુદ્રઢ આયોજન માટે રાજ્યના નાગરિકો વધુમાં વધુ સંખ્યામાં મતદાન કરીને લોકતંત્રને મજબૂત બનાવે તે અનિવાર્ય છે. તેમણે દરેક વર્ગના મતદારોને લોકશાહીને જીવંત રાખવા માટે પોતાના મતાધિકારનો વિવેકપૂર્ણ અને નૈતિક ઉપયોગ કરવા ખાસ વિનંતી કરી છે.

# રાજયમાં આગામી થોડા દિવસોમાં પ્રિ-મોન્સૂન એક્ટિવિટી શરૂ થવાની શક્યતા

**ચોમાસુ વહેલુ બેસે તેવી શક્યતા**

અમદાવાદ, તા.૨૫

ગુજરાતમાં ઉનાળો હવે તેના ચરમસીમાએ પહોંચ્યો છે અને રાજ્યમાં તાપમાન ૪૦ ડિગ્રીથી ઉપર જતા લોકો ગરમીથી ત્રસ્ત બન્યા છે. આવી સ્થિતિમાં રાહતના સમાચાર સામે આવ્યા છે. હવામાન નિષ્ણાંતોના અનુસાર, આગામી થોડા દિવસોમાં રાજ્યમાં પ્રિ-મોન્સૂન પ્રવૃત્તિઓ શરૂ થવાની સંભાવના છે.

યુરોપિયન હવામાન સંસ્થાના ડેટા મુજબ, આ વર્ષે ચોમાસું સામાન્ય સમય કરતા વહેલું દક્ષિણ ભારતમાં પ્રવેશ કરી શકે છે. આંદામાન-નિકોબાર દ્વીપસમૂહમાં ૧૮થી ૨૫ મે દરમિયાન અને કેરળમાં આશરે ૨૫ મે સુધી ચોમાસું પહોંચવાની



શક્યતા છે. હવામાનમાં આ ફેરફાર પાછળ અલ નીનોની નબળી સ્થિતિ અને ઈન્ડિયન ઓશન ડાઈપોલના સકારાત્મક પ્રભાવને મુખ્ય કારણ માનવામાં આવે છે. બીજી તરફ, હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગાહી કરી છે કે ૨૮ એપ્રિલથી મેની શરૂઆત સુધી પશ્ચિમી વિક્ષેપના કારણે રાજ્યના કેટલાક વિસ્તારોમાં પવન સાથે વરસાદ અને કરા પડી શકે છે. તેમણે વધુમાં જણાવ્યું કે જૂનના બીજા અઠવાડિયામાં ગુજરાતમાં ચોમાસું પ્રવેશ કરશે અને જૂનથી ઓગસ્ટ દરમિયાન સારો વરસાદ થવાની શક્યતા છે.

# સુરત રેલવે સ્ટેશન પર બંગાળની ચૂંટણી અને ઉનાળુ વેકેશનને લઈ ભારે ભીડ

સુરત,તા.૨૫



સુરતમાં ઉનાળુ વેકેશન શરૂ થતાની સાથે જ પરપ્રાંતિયોએ પોતાના વતન તરફ પ્રયાણ કર્યું છે. ખાસ કરીને ઉત્તર પ્રદેશ, બિહાર અને પશ્ચિમ બંગાળ તરફ જતી ટ્રેનોમાં મુસાફરોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. આજે ૨૫ એપ્રિલના રોજ ઉધના રેલવે સ્ટેશન પર ભારે ભીડ ઉમટી પડી હતી, જેમાં દિવસ દરમિયાન ૫ જેટલી સ્પેશિયલ ટ્રેનો દ્વારા અંદાજે ૧૦ હજારથી વધુ મુસાફરો રવાના થયા હતા. ગત ૧૯ એપ્રિલે સર્જાયેલી અરાજકતા અને અફરાતફરીમાંથી બોધપાઠ લઈને રેલવે તંત્ર આ વખતે વહેલું જાગ્યું છે. તંત્ર દ્વારા મુસાફરોની સુવિધા અને સલામતી માટે સ્ટેશન પર ખાસ ડોમ અને મજબૂત બેરિકેડિંગની વ્યવસ્થા કરવામાં આવી છે.

# રાજકોટના હંસરાજ નગરમાં ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થતા એકજ પરિવારના પાંચ સભ્યો દાઝયા

રાજકોટ,તા.૨૫

રાજકોટના કોઠારીયા રોડ પર આવેલ રણુજા મંદિર પાસેના હંસરાજ નગરમાં ગતરાત્રે ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થવાની અત્યંત હૃદયદ્રાવક ઘટના ઘટી છે. આ પ્રચંડ ધડાકામાં એક જ પરિવારના પાંચ સભ્યો ગંભીર રીતે દાઝી ગયા છે, જેમને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. વિસ્ફોટ




એટલો ભયાનક હતો કે મકાન પરના પતરાં હવામાં ઉડી ગયા હતા અને સ્થાનિકોએ ભૂકંપ જેવો ધ્રુજારો અનુભવ્યો હતો. પ્રાથમિક તપાસ મુજબ, પરવેઝ અને વિશાલ નામના બે સગા ભાઈઓ ત્યાં ભાડે રહેતા હતા. રાત્રે રસોઈ દરમિયાન નવો ગેસ સિલિન્ડર બદલાવતી વખતે લીકેજ હોવાને કારણે અચાનક આગ ભભૂકી ઉઠી હતી અને જોરદાર બ્લાસ્ટ થયો હતો. પરિવારના સભ્ય પિંકીબેન ચૌહાણના જણાવ્યા મુજબ, પાંચ પૈકી બે વ્યક્તિઓની હાલત હાલમાં અત્યંત નાજુક છે અને ડૉક્ટરો દ્વારા તેમને બચાવવા માટે સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

# ગુજરાતમાં આપએ ભાજપ-આરએસએસનું જ સર્જન છે : કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા

અમદાવાદ,તા.૨૫

ગુજરાતમાં હાલમાં રાજકીય ગરમાવો ચરમસીમાએ છે. કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ આમ આદમી પાર્ટી પર આકરા પ્રહારો કરતા જણાવ્યું છે કે AAP એ વાસ્તવમાં ભાજપ-RSSનું જ સર્જન છે. રાઘવ ચડ્ડા સહિતના સાંસદોના ભાજપમાં જોડાવાને પગલે ચાવડાએ દાવો કર્યો છે કે કેજરીવાલની પાર્ટી માત્ર કોંગ્રેસના મતો તોડવા અને ભ્રષ્ટાચાર વિરોધી જનમતને



ડાયવર્ટ કરવા માટે ગુજરાતમાં સક્રિય થઈ છે. તેમણે મતદારોને ચેતવણી આપી છે કે ભવિષ્યમાં આ આખી પાર્ટી ભાજપમાં મર્જ થઈ શકે છે, જે લોકશાહી વ્યવસ્થા માટે જોખમી છે.

# સુરતમાં સગીરાની છેડતી કરનાર વિધર્મી યુવકને લોકોએ ઢીબી નાખ્યો

સુરત,તા.૨૫

સુરતના અલથાણ વિસ્તારમાં ટ્યુશનથી ઘરે પરત ફરી રહેલી ૧૨ વર્ષની સગીરાની ૪૦ વર્ષના યુવક શેખ મોહમંદ અઝીઝ ઈમ્તિયાઝ દ્વારા છેડતી કરવામાં આવતા સમગ્ર શહેરમાં ભારે ખળભળાટ મચી ગયો છે. આ ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં ઉગ્ર રોષ જોવા મળ્યો હતો અને ટોળાએ આરોપીને રંગેહાથ ઝડપી પાડીને મેથીપાક ચખાડ્યો હતો. આ ઘટનાની જાણ થતા જ વરાછા, કતારગામ અને સરથાણા વિસ્તારોમાંથી હજારોની સંખ્યામાં લોકો અલથાણ પોલીસ મથકે ઉમટી પડ્યા હતા.






# રાજય સરકારી ઈજનેરી કોલેજ અધિકારી મંડળ દ્વારા પડતર પ્રશ્ને આંદોલનનાં મૂડમાં

અમદાવાદ,તા.૨૫

ગુજરાત રાજ્ય સરકારી ઈજનેરી કોલેજ શૈક્ષણિક રાજ્યપત્રિત અધિકારી મંડળ દ્વારા પોતાની વર્ષો જૂની પડતર માંગણીઓ સંદર્ભે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી તેમજ કમિશનરને પત્ર લખીને આખરી ચેતવણી આપવામાં આવી છે. રાજ્યની સરકારી ઈજનેરી કોલેજોના અધ્યાપકો કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ (CAS) સહિતના વિવિધ



પ્રશ્નો બાબતે લાંબા સમયથી લેખિત અને મૌખિક રજૂઆતો કરી રહ્યા છે, પરંતુ સત્તાધીશો દ્વારા હજુ સુધી ૯૦ ટકા જેટલા પ્રશ્નોનું કોઈ સકારાત્મક નિરાકરણ લાવવામાં આવ્યું નથી. સત્તાધીશોના ઉદાસીન વલણને કારણે અધ્યાપકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને હવે તેઓ નિર્ણાયક લડાઈ લડી લેવાના મૂડમાં છે. મંડળ દ્વારા સ્પષ્ટ શબ્દોમાં જણાવવામાં આવ્યું છે કે જો ૨૯ એપ્રિલ સુધીમાં તેમની તમામ ન્યાયિક માંગણીઓનો સંતોષકારક ઉકેલ નહીં આવે, તો આગામી સમયમાં સમગ્ર રાજ્યમાં શૈક્ષણિક કાર્યનો બહિષ્કાર કરીને ઉગ્ર આંદોલન છેડવામાં આવશે.

# ગાંધીનગર ખાતે માર્ગ અકસ્માતમાં બે યુવકોના મોત, એકની હાલત ગંભીર

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના ઘ-૦ બ્રિજ પાસે ભયાનક માર્ગ અકસ્માત સર્જાતા બે યુવકોના કરુણ મોત થયા છે, જ્યારે એક યુવક ગંભીર રીતે ઘાયલ થયો છે. પૂરઝડપે દોડતી ઈકો કારે બાઈકને ટક્કર મારતા આ અકસ્માત બન્યો હતો. માહિતી મુજબ, પુંદરાસણ ગામના નિકુલ ઠાકોર (૨૨) અને



પ્રકાશ ઠાકોર (૨૦) તેમના મિત્ર સાથે બાઈક પર જઈ રહ્યા હતા ત્યારે કારે અડફેટે લીધા હતા. ટક્કર એટલી જોરદાર હતી કે બંને યુવકોનું ઘટનાસ્થળે જ મોત થયું, જ્યારે ત્રીજા યુવકને ગંભીર હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે. ઘટનાની જાણ થતાં જ સેક્ટર-૭ પોલીસ સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી છે.

અકસ્માત સર્જનાર કારચાલકને પકડી પાડ્યો હતો. પોલીસે આરોપીની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# રાજયમાં આજે મતદાનનું મહાપર્વ

અમદાવાદ, તા.૨૫

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે રવિવાર, ૨૬ એપ્રિલે રાજ્યભરમાં મતદાન યોજાશે. સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. આ ચૂંટણીમાં ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતની કુલ ૯,૨૬૩ બેઠકો માટે મતદાન થશે.

# ગુજરાત ‘આપ’ને મોટો ફટકો : મેટા દ્વારા સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ બ્લોક

અમદાવાદ,તા.૨૫

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના મતદાનને હવે ગણતરીના કલાકો બાકી છે ત્યારે આમ આદમી પાર્ટીની ગુજરાત પાંખને મોટો ડિજિટલ ફટકો પડ્યો છે. સોશિયલ મીડિયા જાયન્ટ મેટાએ કોપીરાઈટના નિયમોના વારંવાર ઉલ્લંઘનને કારણે પાર્ટીના સત્તાવાર ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સ બ્લોક કરી દીધા છે. આજે ૨૬ એપ્રિલે મતદાન યોજાવાનું છે અને ૨૮ એપ્રિલે મતગણતરી હાથ ધરાશે, ત્યારે પ્રચારના અંતિમ તબક્કે આ કાર્યવાહીથી રાજકીય ગરમાવો વધી ગયો છે. વિગતો મુજબ ‘આપ’ દ્વારા પ્રચારમાં ‘સાહેબ’ અને ‘છેલ્લો દિવસ’ જેવી લોકપ્રિય ગુજરાતી ફિલ્મોના દ્રશ્યોનો પરવાનગી વગર ઉપયોગ કરવામાં આવ્યો હતો. મલ્હાર ઠાકર અને યશ સોની સહિતના કલાકારોના વીડિયોને એડિટ કરીને ભ્રામક રીતે રજૂ કરાતા મેટાએ આ આકરી કાર્યવાહી કરી છે.